સુવિચાર
પુરૂષ જ્ઞાનનું અને સ્ત્રી ભકિતનું પ્રતીક છે. ભકિત સામે જ્ઞાનને માથું ઝુકાવવું પડે છે.
:: સૌજન્ય ::
નિલકંઠ જ્વેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૧૯/૦૨/૨૦૨૫, બુધવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર


# અમરેલી એક્સપ્રેસ


અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

હરિૐ PENDAWALA
પંજાબી સમોસા સેન્ડવીચ ઢોકળા
નવુ એસ.ટી.બસ સ્ટેન્ડ કોમ્પ્લેક્ષ, દુકાન નં.૯,અમરેલી,મો.89999 90099

તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એકસપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સવંત ૨૦૮૧ મહા વદ-૬ વર્ષ : ૧૬ અંક : ૦૫૮

પથરી પ્રોસ્ટેટ કીડનીના દર્દીઓ માટે
નિઃશુલ્ક નિદાન કેમ્પ તથા ફ્રી ઓપરેશન કેમ્પ
તારીખ : ૨૦-૦૨-૨૦૨૫,ગુરૂવાર
સમય બપોરે ૦૩:૦૦ થી ૦૫:૦૦
નોંધઃ નામ નોંધાવવુ ફરજીયાત છે.

■ કીડની


■ પ્રોસ્ટેટ

■ પથરી
નવજીવન જનરલ હોસ્પિટલ
કેરીયા રોડ, નાગરીક બેંકની બાજુમાં,અમરેલી
ફોન નં.(૦૨૭૯૨) ૨૨૨૨૨૩,મો.૯૯૭૮૨ ૨૩૦૦૦

## જિલ્લાની ૧૧૦ બેઠકની યોજાયેલ ચૂંટણીમાં ભાજપનો ૧૦૩ બેઠક પર વિજય

# અમરેલી જિલ્લાની સ્થાનિક ચૂંટણીમાં ભાજપનો ભગવો લહેરાયો

**રાજુલા, જાફરાબાદ અને ચલાલાની કુલ ૮૦ બેઠક પર ભાજપનો ભગવો લહેરાયો**

**ચલાલાની ૨૪માંથી ૨૪, દામનગરની ૨ માંથી ૨, સાવરકુંડલા અને અમરેલીમાં ૧-૧ બેઠક મેળવી**

**કોંગ્રેસને લાઠી પાલિકામાં માત્ર ૫ બેઠકો અને અમરેલીમાં ૧ બેઠક મળી**

**જિલ્લામાં કોંગ્રેસ પક્ષ વેન્ટિલેટર ઉપર હોય તેવી હાલત થઈ ગઈ**



અમરેલી, તા. ૧૮

અમરેલી જિલ્લામાં ચાર નગરપાલિકાની સામાન્ય ચૂંટણી તથા અન્ય ત્રણ પેટાચૂંટણીનું મતદાન રવિવારે યોજાયા બાદ આજે સવારે જે તે સ્થળોએ મત ગણતરી હાથ ધરતાં ચાર નગરપાલિકા પૈકી ત્રણ પાલિકામાં તમામ બેઠકોમાં ભાજપની ભવ્ય જીત થઈ હતી. જયારે લાઠી પાલિકામાં ૧૮ ભાજપ, ૫ કોંગ્રેસ ૧ અપક્ષને ફાળે જવા પામેલ છે. છતાં ચારેય પાલિકામાં ભાજપનું શાસન સ્થપાયેલ છે. જયારે અમરેલી પાલિકાની ૨ બેઠકની પેટા ચૂંટણીમાં ૧ કોંગ્રેસ, ૧ ભાજપના ફાળે જવા પામેલ છે. દામનગર પાલિકાની ૨ બેઠકની પેટા ચૂંટણીમાં ૨ ભાજપના ફાળે તથા સાવરકુંડલા પાલિકાની ૧ બેઠકની પેટાચૂંટણીમાં ભાજપનો વિજય થવા પામેલ છે.

રાજુલા નગરપાલિકાની ૨૮ બેઠકોની ચૂંટણી યોજાયેલ હતી જેમાં તમામ ૨૮ બેઠકો ભાજપને ફાળે ગઈ છે. રાજુલા પાલિકામાં કોંગ્રેસ પક્ષ અહીં ખાતું પણ ખોલાવી શકેલ નથી. જયારે જાફરાબાદ પાલિકામાં ૨૮ બેઠકોમાંથી ૨૮ બેઠકો ભાજપના ફાળે જવા પામેલ છે. અત્રે ઉલ્લેખનીય છે કે અગાઉ આ ૨૮ બેઠકો પૈકી ૧૬ બેઠકો બિનહરિફ થઈ જવા પામેલ હતી બાકીની ૧૨ બેઠકો આજે ભાજપને ફાળે જતાં જાફરાબાદ પાલિકામાં પણ કોંગ્રેસ પક્ષ અહીં ખાતું પણ ખોલાવી શકેલ નથી.

ચલાલા પાલિકાની ૨૪ બેઠકોની ચૂંટણી યોજાયેલ હતી જેમાં તમામ ૨૪ બેઠકો ભાજપને ફાળે ગઈ છે. ચલાલા પાલિકામાં કોંગ્રેસ પક્ષ અહીં ખાતું પણ ખોલાવી શકેલ નથી. જયારે લાઠી પાલિકામાં પાલિકાની ૨૪ બેઠકોની ચૂંટણી યોજાયેલ હતી જેમાં ૧૮ બેઠકો ભાજપ, ૫ કોંગ્રેસ અને ૧ બેઠક અપક્ષને ફાળે જવા પામેલ છે.

જયારે અમરેલી પાલિકાની ખાલી પડેલ મહિલા અનામતની ૨ બેઠકની પેટા ચૂંટણી યોજાતા આજે પરિણામ જાહેર થતાં ૧ બેઠક કોંગ્રેસ તથા ૧ બેઠક ભાજપના ફાળે જવા પામેલ છે. જયારે દામનગર પાલિકાની

અનુસંધાન પાના ૬ ઉપર

આમ આદમીનું અખબાર
વાર્ષિક લવાજમ યોજના ૨૦૨૫
અમરેલી એક્સપ્રેસ
સચોટ - સટીક - સાતત્ય સભર દૈનિક
લાવી રહ્યું છે આપના માટે લવાજમ યોજના

લવાજમની મુદ્દત
તા.૦૧-૦૧-૨૦૨૫ થી
તા.૩૧-૧૨-૨૦૨૫
લવાજમ ભરો
₹ ૮૯૯/-
અને મેળવો આખું વર્ષ
અમરેલી એક્સપ્રેસ...
લવાજમ ભરવા માટે અમારા સ્થાનિક એજન્ટનો સંપર્ક કરો
કોટડાપીઠા : ભરતભાઈ મહેતા - ૯૪૨૯૧ ૩૯૮૫૬
બાબરા : રાજુભાઈ બસીયા - ૯૯૨૫૪ ૬૬૪૪૪
પંકજભાઈ ઈન્દ્રોડીયા - ૯૪૦૮૧ ૫૮૯૦૧
ચિતલ : જસવંતગઢ
ભરતભાઈ અમરેલીયા - ૭૯૮૪૭ ૩૫૩૧૫
દામનગર : નટુભાઈ ભાતીયા - ૯૪૨૯૧ ૩૯૪૨૨
લીલીયા મોટા : બીપીનભાઈ સ્વાણી - ૯૪૨૭૪ ૨૭૨૧૭
વીજપડી : પ્રફુલભાઈ નગદીયા - ૯૯૦૪૮ ૦૨૪૦૭
આંબરડી (સા.કું.) : સુભાષભાઈ સોલંકી - ૮૫૧૧૪ ૬૦૪૦૦
રાજુલા : યોગેશભાઈ કાનાબાર - ૯૦૬૭૫ ૪૪૭૩૭
જાફરાબાદ : ભરતભાઈ બારૈયા - ૮૧૫૩૦ ૯૨૬૧૬
કોવાયા : સુમરાભાઈ વાઘ - ૯૯૯૮૭ ૨૩૯૯૯
ઉના : ધર્મેશ જેઠવા - ૯૭૧૨૦૧૦૦૫૮
કુંકાવાવ : રાજુભાઈ યાદવ - ૯૯૭૮૧ ૩૪૪૩૪
મોટા આંકડીયા : મનોજભાઈ ત્રિવેદી - ૯૯૭૯૨ ૧૦૭૨૭
બગસરા : સમીર વિરાણી - ૯૯૭૮૧ ૩૩૧૩૪
બાબાપુર : હસમુખભાઈ રાવળ - ૯૯૭૮૫ ૧૫૨૧૪
ધારી : નિઝારભાઈ ચાવડા - ૯૭૨૬૫ ૯૨૮૭૬
ચલાલા : પ્રકાશભાઈ કારીયા - ૯૯૨૫૩ ૩૦૯૭૯
ખાંભા : ભાવિકભાઈ કલસરીયા - ૯૫૮૬૮ ૩૮૪૦૯
એજન્ટો તથા ગ્રાહકોએ લવાજમ યોજનાની રકમ ભરપાઈ કરીને પાકી પહોંચ મેળવવાની રહેશે.
અમરેલી શહેરમાં લવાજમ ભરવા માટે ઓમ ન્યુઝ એજન્સી
સુધરાઈ શોપીંગ સેન્ટર, ક્રિષ્ના ટ્રાવેલ્સની ગલીમાં, ડો. જીવરાજ મહેતા ચોક, અમરેલી.
સુમીત ચંદારાણા – મો. નં. ૮૭૩૫૦ ૧૨૭૨૭
www.amreliexpress.com
e-mail : amreliexpress7@gmail.com
કાર્યાલય : અમરેલી જીલ્લા મધ્યસ્થ બેંક પાછળ, અમરેલી. ફોન : (૦૨૭૯૨) ૨૨૮૪૨૨, મો. ૯૮૨૫૦૦૭૪૪૩

## છેલ્લા ૧૫ થી ૨૦ વર્ષથી ગાંડીવેલનું સામ્રાજય દૂર થતું નથી

# દિલ્હીમાં યમુના નદીની સફાઈ થાય તો અમરેલીમાં કામનાથ જળાશયની શું કામ નહી

સત્તાપક્ષનાં આગેવાનો વિકાસની વાતો દિવસ–રાત કરી રહ્યા હોય કામનાથ જળાશયની સફાઈનું કાર્ય વિકાસમાં આવતું હશે કે નહી

રૂપિયા ૫૦ કરોડનાં ખર્ચે રીવરફ્રન્ટ બનાવવાનું આયોજન પછી કરો તે પહેલા જળાશયની સફાઈ જરૂરી

આધુનિક ટેક્નોલોજીનાં યુગમાં કોઈ અધિકારીને સફાઈની જવાબદારી સોંપવામાં આવે તે જરૂરી

શહેરમાં કાર્યરત તમામ સેવાભાવી સંસ્થાઓએ પણ કામનાથ જળાશયની સફાઈ અંગે રજૂઆત કરવી પડશે





અમરેલી, તા. ૧૮

અમરેલી શહેરની મધ્યમાં આવેલ કામનાથ જળાશયમાં છેલ્લા દોઢ બે દાયકાથી ગાંડીવેલનું સામ્રાજય છવાયેલું હોય તેની સફાઈ કરવામાં આવે તેવી માંગ શહેરીજનો કરી રહ્યા છે.

દેશનાં પાટનગર દિલ્હી વિધાનસભા ચૂંટણીમાં યમુના નદીની સફાઈનો મુદો ચર્ચામાં રહ્યો હતો અને બાદમાં ભાજપે યમુના નદીની સફાઈ કરવાની ખાત્રી આપતાં દિલ્હીવાસીઓએ ભાજપ પર વિશ્વાસ રાખીને વિધાનસભામાં ભાજપ તરફી જબ્બરૂ મતદાન કર્યુ અને ભાજપે પણ યમુના નદીની સફાઈ કરીને આપેલ વચન પાળી દીધું.

પરંતુ અમરેલીનાં ગૌરવસમા કામનાથ જળાશયમાં ઘણા વર્ષોથી ગાંડીવેલનું સામ્રાજય સ્થપાયું હોય દિવસ–રાત વિકાસની વાતો કરતાં આગેવાનોએ એક નિષ્ઠાવન અધિકારીને કામનાથ જળાશયની સફાઈની જવાબદારી સોંપવી જોઈએ.

શહેરમાં અનેક સેવાભાવી સંસ્થાઓએ પણ આ પ્રશ્ને આગળ આવવાની જરૂર છે.

## દેવીપૂજક પરિવાર સગાઈ અર્થે પસાર થતો હોય

# ખાંભાનાં ખડાધાર ગામ નજીક બોલેરો જીપ પલ્ટી જતાં અનેક મુસાફરો ઈજાગ્રસ્ત

ઈજાગ્રસ્તોને સ્થાનિક અને અમરેલીનાં દવાખાને ખસેડાયા




તસ્વીર : ભાવિક કલસરિયા–ખાંભા

ખાંભા, તા. ૧૮


ખાંભા–ઉના હાઈવે જાણે અકસ્માતનો હાઈવે બની ગયો હતો એમ થોડા સમય પેહલા અકસ્માત સર્જાયો હતો. ફરી આજે ખાડાધર નજીક બોલેરો એક ગમખ્વાર અકસ્માત થયો હતો જેમાં ૨૦ લોકોને ઈજા થઈ હતી અને ૮ લોકોને ગંભીર ઈજા પહોંચતા વધુ સારવાર માટે અમરેલી ખસેડવા માં આવ્યા હતા.

માહિતી મળ્યા મુજબ ખાંભા–ઉના નેશનલ હાઈવે ઉપર આજે ખાંભા તાલુકાના રબારીકા ગામેથી એક દેવીપુજક પરિવાર સગાઈ અર્થ ખડાધાર આવતા હતા ત્યારે અડધો કિલોમીટર ખડાધાર ગામ નજીક અકસ્માત સર્જાયો હતો. પીકપ બોલેરોમાં ગુટકો તૂટી જતા બોલેરો કાબુ ન રહેતા પલ્ટી મારી જતા બોલેરામાં સવાર ૩૦ થી ૩૫ જણા હતા. ત્યારે ૨૦ વ્યકિતને નાની–મોટી ઈજા પહોંચી હતી. ખાંભા સામૂહિક આરોગ્ય કેન્દ્ર ખાતે ખસેડવામાં આવ્યા હતા તેમાંથી આઠ જેટલા વ્યકિતને ગંભીર ઈજા પહોંચતા અમરેલી ખાતે રીફર કરવામાં આવ્યા હતા. આ ઘટનાની જાણ ખાંભા પોલીસને થતા ખાંભા પોલીસ ઘટના સ્થળે દોડી ગઈ હતી.

## ધારાસભ્ય કસવાલાએ મતદારોનો આભાર માન્યો

# અમરેલી જિલ્લામાં ભાજપનો વિશ્વાસ જનતાનો ભાજપ સરકાર પરનો અતૂટ વિશ્વાસ છે

સંગઠનની સક્રીયતા અને સેવાને પ્રચંડ જનસમર્થન મળ્યું





સાવરકુંડલા, તા. ૧૮

અમરેલી જીલ્લા સહિત સમગ્ર ગુજરાતમાં ભારતીય જનતા પાર્ટી (ભાજપ)નો ભગવો લહેરાયો છે. તાજેતરમાં યોજાયેલી સ્થાનિક સ્વરાજયની ચૂંટણીઓમાં ભાજપે નગરપાલિકા ચલાલા, જાફરાબાદ, રાજુલા, લાઠી તેમજ પેટા ચૂંટણી સાવરકુંડલા, અમરેલી, દામનગરમાં જંગી જીત મેળવી છે, જે દર્શાવે છે કે રાજયની જનતાનો ભાજપ સરકાર પર અતૂટ વિાસ છે.

આ જીત અંગે પ્રતિક્રિયા આપતા ભાજપના નેતા કસવાલાએ જણાવ્યું હતું કે આ સફળતા પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલની લોકપ્રિયતા અને તેમની સરકાર દ્વારા કરવામાં આવેલા વિકાસ કાર્યોનું પરિણામ છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે પ્રદેશ અધ્યક્ષ સી.આર. પાટીલના નેતૃત્વમાં સંગઠને જે સક્રિયતા અને સેવા દાખવી છે તેના કારણે જનતાએ ભાજપ પર પોતાનો વિાસ વ્યકત કર્યો છે.

ભાજપ હંમેશા જનતાની સેવા માટે તત્પર છે અને ભવિષ્યમાં પણ આ સેવા ચાલુ રહેશે. તેમણે વિાસ વ્યકત કર્યો હતો કે આગામી સમયમાં પણ ભાજપ ગુજરાતમાં વિકાસની ગતિને વધુ તેજ કરશે. તાજેતરમાં યોજાયેલી સ્થાનિક સ્વરાજયની ચૂંટણીઓમાં ભાજપના ભવ્ય વિજય બદલ ધારાસભ્ય મહેશભાઈ કસવાળા અમરેલી જિલ્લાના મતદારોનો આભાર વ્યકત કર્યો.

## શહેરનાં ઈતિહાસમાં ક્યારેય ન બની હોય તેવી ઘટના

# ચલાલા પાલિકાની તમામ ૨૪ બેઠકો ઉપર ભાજપનો વિજય : કોંગ્રસને એક પણ બેઠક ન મળી

નાયબ દંડક વેકરિયા, ધારાસભ્ય કાકડીયા અને ભાજપની મહેનત સફળ






ચલાલા, તા, ૧૮

ચલાલા નગરપાલિકાની ચૂંટણીમાં ભાજપના તમામ ઉમેદવારોનો જવલંત વિજય થતાં કોંગ્રેસનો સફાયો થયો હતો. ગુજરાત સરકારના નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરીયા, જીલ્લા ભાજપ પ્રમુખ રાજેશભાઈ કાબરીયા, મહામંત્રી મેહુલભાઈ ધોરજીયા, ભુપેન્દ્રભાઈ બસીયા, પ્રભારી જીતુભાઈ જોશી, અતુલભાઈ કાનાણી, શહેર ભાજપ પ્રમુખ જીતુભાઈ કાથરોટીયા, અને ભારતીય જનતા પાર્ટીના ધારાસભ્ય જે. વી કાકડીયાના માર્ગદર્શન હેઠળ આ ભાજપના ઉમેદવારોએ ચૂંટણીમાં ઝંપલાવ્યું હતું તેમાં તમામ ભાજપના ઉમેદવારોનો જવલંત વિજય થયો હતો. ચલાલાના નગરજનોએ ફરી એક વખત ભારતીય જનતા પક્ષ સરકારની વિકાસ યાત્રા પર વિશ્રવાસ વ્યકત કરી ભાજપ ને પ્રચંડ વિજય આપ્યો છે. ચલાલા નગર પાલીકાના ઈતિહાસ પ્રથમ વખત વિરોધ પક્ષને એક પણ બેઠક મળી નથી. ૨૦૧૮ ની ચુંટણી મા ભાજપ ને ૧૭ અને કોંગ્રેસ ને ૭ બેઠકો મળી હતી. ત્યારબાદ સંમાતરે કોંગ્રેસના ૬ સભ્યો ભાજપમાં ભળી ગયા હતા. અને છેલ્લે એક જ સભ્ય કોંગ્રેસનો ન.પા.બચ્યો હતો. ચલાલા નગર પાલીકામાં ભાજપ ના તમામ ઉમેદવારોનો પ્રચંડ બહુમતોથી વિજય થતા ધારાસભ્ય જે.વી. કાકડીયાના નેત્રુત્વમા ફટાકડાની આતશબાજી, ભારત માતાની જય વંદેમાતરમના નારા સાથે ઢોલ ત્રાસા નગારા ઢીજે સાઉન્ડના સથવારે ધજા પતાકા બેનરોને મીઠાઈની વહેચણી સાથે જંગી વિજય સરઘસ શહેરની બજારોમાં ફરી ભીમનાથ મંદિર દાનમહારાજની જગ્યા ગાયત્રી મંદિર સહિતના મંદીરોમાં દર્શન કરી પુજય વલકુબાપુ સહિત સંતો મહંતોના આશીર્વાદ મેળવ્યા હતા. આજના પરિણામોમાં નોંધનીય બાબત એ હતી કે બધા જ ઉમેદવારોમાં પરેશભાઈ મનસુખભાઈ કાથરોટીયાને સૌથી વધુ ૧૦૪૯ મતો મેળવી તેની લોક પ્રીયતા સાબીત કરી હતી. તેમજ ગત ટર્મના ઉપ પ્રમુખ જયરાજભાઈ વાળા અગાઉ બે વખત સતત સદસ્ય બન્યા હતા આ વખતની ચુંટણીમાં જયરાજભાઈના ધર્મ પત્ની ભુમીબહેન વાળા ચુંટણી લડતા તમામ મહીલા ઉમેદવારોમાં સૌથી વધુ ૯૯૨ મતો મેળવી વિજય હેટ્રિક લગાવી હતી.

## જિલ્લા પંચાયતનાં સદસ્ય વિપુલ દુધાતની રજૂઆત

# નાના લીલીયા વોટર વર્કસ હેઠળનાં ગામોમાં પીવાનું પાણી 3 મહિનાથી મળતું નથી

પાણી–પુરવઠા મંત્રીને પત્ર પાઠવવામાં આવ્યો

લીલીયા, તા. ૧૮

લીલીયા તાલુકાના નાના લીલીયા ગામે વોટર વર્કર્સ હેઠળ (૧) બવાડી (૨) બવાડા (૩) ઈંગોરાળા (૪) કાંક્રચ (૫) શેઢાવદર (૬) ટીંબડી (૭) વાઘણીયા (૮) પીપળવા (૯) નવા લીલીયા ગામો આવે છે જે ગામોમાં છેલ્લા ત્રણ માસથી પણ ખુબ જ અનિયમિત આપવામાં આવે છે જે બાબતની ગુજરાત પાણી વિતરણના હેલ્પ લાઈન નંબર ૧૯૧૬માં પણ વારંવાર ફરિયાદ કરવામાં આવેલ છે જે ફરિયાદ કરવામાં આવેલ છે જે ફરિયાદ બાબતમાં ઈશ્વરીયા જૂથના એસ.ઓ. તથા ઈ.ચા કાર્યપાલક ઈજનેર જાણી જોઈને પોતાના અંગત આર્થિક લાભ માટે પાણી આપતા નથી અને વાડીઓમાં ખાનગી વ્યકિતઓને કનેકશન આપ્યાની પણ લોક ચર્ચા છે જેથી ઈશ્વરીયા જુથમાં આવતા નાના લીલીયા વોટર વર્કર્સ હેઠળના ગામોને તાત્કાલિક ધોરણે પાણી આપવા અંતમાં માંગ કરેલ છે.

## કોંગ્રેસ જેને પ્રેમ કરે છે તે મતદારોને ભાજપ પ્રત્યે અપાર પ્રેમ

# અમરેલી જિલ્લામાં કોંગ્રેસ પક્ષને મરણતોલ ફટકો પડયા

**ચાહે લાખ તુફા આયે, ચાહે જાનભી અબ જાયે, મુશ્કીલ હો જીના ફીરભી પડે ઝહર પીના ફીરભી મિલ્કેના હોંગે જુદા આ કસમ ખાલે, યે ચાહત રહેંગી સદા આ કસમ ખાલે**

### જિલ્લાની જનતાની ભાજપ પ્રત્યે એકતરફી પ્રેમની સુનામી કોંગ્રેસને નેસ્તનાબુદ કરી રહી છે

### કોંગી આગેવાનો મતદારોને રીઝવવા માટે અવારનવાર નિષ્ફળ પ્રયત્ન કરતાં જોવા મળી રહ્યા છે

### મોંઘવારી, ભ્રષ્ટાચાર, બેરોજગારી સહિતનાં મુદ્દાઓને બદલે ભાજપનો હિન્દુત્વનો ચહેરો મતદારોને વધુ પસંદ

### અમરેલી જિલ્લામાં પંચાયતથી લઈને પાર્લામેન્ટ સુધી તમામ સહકારી સંસ્થાઓમાં પણ ભાજપનું શાસન

અમરેલી, તા. ૧૮

અમરેલી, તા. ૧૮

અમરેલી જિલ્લાની જનતાને કોંગ્રેસ પક્ષ વેપાર પ્રેમ કરતો હોવાનો દાવો કરી રહ્યો છે. પરંતુ જિલ્લાની જનતા ભાજપને અપાર પ્રેમ કરી રહી છે અને છેલ્લા ૩પ વર્ષથી જનતાનો પ્રેમ ભાજપ પર વરસી રહ્યો છે અને કોંગ્રેસ પક્ષ જનતાનો પ્રેમરૂપી સત્તા વિમુખ બની ગઈ છે અને જનતા કયારે ભાજપ પ્રત્યેનો પ્રેમ ઓછો કરીને કોંગ્રેસ સામે મીટ્ટી નજરથી જુએ તેની રાહ જોઈ રહ્યો છે.

તાજેતરમાં અમરેલી જિલ્લાની રાજુલા, જાફરાબાદ, ચલાલા અને લાઠી પાલિકાની સામાન્ય ચૂંટણી તેમજ અમરેલી, દામનગર પાલિકાની બબ્બે બેઠકો અને સાવરકુંડલા પાલિકાની એક બેઠક અને ધારી તાલુકા પંચાયતની મળી કુલ ૧૧૦ બેઠકોની ચૂંટણીમાં કોંગ્રેસને માત્ર ૬ બેઠક અને ૧ બેઠક અપક્ષને મળતાં બાકી ૧૦૩ બેઠક ઉપર ભાજપનો ભવ્ય વિજય થયો છે.

અમરેલી જિલ્લામાં ગ્રામ પંચાયતથી લઈને જિલ્લા પંચાયત અને પાલિકાથી લઈને પાર્લામેન્ટ તેમજ જિલ્લાનાં તમામ માર્કેટયાર્ડ, કો–ઓપરેટીવ બેન્ક સહિતની તમામ સહકારી સંસ્થાઓમાં ભાજપ છવાયેલ છે. જિલ્લામાં એક સમયે તમામ સંસ્થા, હોદાઓ કોંગ્રેસ પાસે હતા અને આજે સમય બદલાયો અને સત્તાનું સુકાન ભાજપનાં હાથમાં આવ્યું છે.








**ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ**

**મેડીકલેઇમ લેતી વખતે જો તમોને**

(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.) (૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ

જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફકત–૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.

કેશલેશની સગવડ

સંપર્ક : **પાર્થ ઇન્વેસ્ટમેન્ટ**

જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.

અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦














## પ્રિન્સિપાલ સિવિલ અને જયુ. મેજીસ્ટ્રેટ સમક્ષ કેસ ચાલી જતા

# લીલીયા મોટા : શ્રી ક્રિષ્ના શરાફી મંડળીનાં ર બાકીદારોને ચેક રીટર્ન કેસમાં સજા

### મંડળી તરફે એડવોકેટ પાઠકની દલીલો સફળ રહી

લીલીયા મોટા, તા. ૧૮

લીલીયા મોટા ક્રિષ્ના ક્રેડિટ કો. ઓપરેટીવ સોસાયટીમાંથી ધીરાણ મેળવી હપ્તા નહી ભરતા બાકીદાર (૧) સવજીભાઈ કુરજીભાઈ ગલસાણીયા રહે. મુ.અંટાળીયાનો ચેક રૂા. ૧,૬૬,૯૪૦/–નો તથા (ર) રાજેશભાઈ દેવશીભાઈ ધામત રહે. લીલીયાનો ચેક રૂા. ૧,૧૨,૭૮૦નો તથાનો ચેક રીટર્ન થતા આ બાકીદાર સામે મંડળીનાં મેનેજર જિતેન્દ્ર ડી પાઠકએ લીગલ એડવાઈઝર કિશોરભાઈ પાઠક મારફત લીલીયા કોર્ટમાં ફોજદારી દાખલ કરતા અને કેસ ચાલી જતાઅને એડવોકેટ દલીલો ગ્રાહય રાખી અદાલત દ્વારા બાકીદાર સવજીભાઈ કુરજીભાઈ ગલસાણીયાને



બે વર્ષની સજા તથા ચેકની રકમ વળતર ચુકવવા તથા રાજેશભાઈ દેવશીભાઈ ધામતને એક વર્ષની સાદી કેદની સજા કરવામાં આવેલ અને ચેકની રકમ તથા પરનું વ્યાજ સંસ્થાને વળતર ચુકવવા આદેશ કરેલ. અને વળતર ન ચકવે તો વધુ ત્રણ માસની સજા ભોગવવા હુકમ કરેલ છે. આમ સજા ભોગગવા લીલીયા પ્રિન્સિપાલ સિવિલ જજ અને જયુડીશ્યલ મેજીસ્ટ્રેટએ હુકમ કરેલ છે. આમ આ હુકમ થતા મંડળીના બાકીદારોમાં ફફડાટ વ્યાપી ગયેલ છે. આમ એક જ મંડળી બન્ને બાકીદારોને સજા થતા લીલીયા શહેરના બાકીદારોમાં સન્નાટો છવાયો હતો.


**ટ્રસ્ટ, NGO, સ્કૂલ, માટે ખાસ**

નવા ટ્રસ્ટ બનાવવા, ચેરીટી કમીશ્નરમાં નોંધણી કરાવવી ઓડીટ કરાવવા, મંદિર, મસ્જિદ, ગૌશાળા, હોસ્ટેલ, સ્કૂલ વગેરેના એકાઉન્ટ કરી આપવામાં આવશે.

ઈન્કમ ટેકસના સર્ટિફીકેટ, 12AB,80G, ઈન્કમ ટેકસના રીટર્ન વગેરે...

જુના બંધ પડેલા ટ્રસ્ટમાં વાર્ષિક હિસાબો, અન્ય રેકર્ડ વગેરે વ્યકિતગત કરી આપવામાં આવશે.

વેપારી એકાઉન્ટ, GST રીટર્ન, પાનકાર્ડ વગેરે કરી આપાવામાં આવશે.

**શ્રીનાથજી કોમ્પ્યુટર્સ** | ભરત બી. પારેખ - ૯૪૨૮૩ ૪૦૯૩૪


## જાહેર નોટિસ કમ ચેતવણી

આથી અમો **એમ.જે. સૈયદ,** અમારા અસીલ **હેમેન્દ્રભાઈ રતીલાલ મહેતા રે. મુંબઈ, હાલ રે. અમરેલીવાળા**ની સુચનાથી આ જાહેર નોટીસ આપી જણાવીએ છીએ કે,

(૧) એકશ્રી ધીરૂભાઈ નનુભાઈ બાંભરોલીયા તથા બાબુભાઈ નનુભાઈ બાંભરોલીયા રે. બંને અમરેલીનાએ તેમની અમરેલીની ખાતા નં.૭૯, સ.ન.૨૫ ની હે.આરે. ૯–૪૧–૯૧ ચો.મી. જમીન તા.૨૧/૫/૨૦૧૨ ના રોજ વેચાણ આપવા માટે અમારા અસીલને બાનાખત કરી આપેલ, જે બાનાખત નોટરી રૂબરૂ તા.૩/૬/૨૦૧૨ ના રોજ રજીસ્ટ્રર કરી આપેલ છે. જેમાં બાબુભાઈ નનુભાઈ બાંભરોલીયા અને ધીરૂભાઈ નનુભાઈ બાંભરોલીયાએ પોતાની સહીઓ કરી આપેલ છે. તથા સાક્ષી તરીકે રફીકભાઈ મોગલ રે. અમરેલી અને કીશોરભાઈ બી. બાંભરોલીયા રે. અમરેલીવાળાએ સાક્ષી તરીકે સહીઓ કરી આપેલ છે. આ બાનાખત પ્રમાણે અમારા અસીલે ધીરૂભાઈ નનુભાઈ તથા બાબુભાઈ નનુભાઈને કુલ રૂા.૨,૫૦,૦૦,૦૦૦/– (અંકે રૂપિયા બે કરોડ પચાસ લાખ પુરા) ચુકવી આપેલ છે. અમારા અસીલ બાનાખત પ્રમાણે બાકીની અવેજની રકમ આપી હંમેશા દસ્તાવેજ કરાવી લેવા તૈયાર હતા, પરંતુ ખેતીની જમીન નવી શરતની જમીન હોય જેને જુની શરતમાં ફેરવી કાયદેસરની કાર્યવાહી વેચાણ આપનાર ધીરૂભાઈ નનુભાઈ અને બાબુભાઈ નનુભાઈએ કરેલ નહિ અને ખોટો સમય પસાર કરી અમારા અસીલ પાસેથી મોટી રકમ વસુલ કરી અમારા અસીલ સાથે વિશ્વાસઘાત કરી વેચાણ દસ્તાવેજ કરી આપવામા સમય પસાર કરી રહેલા છે. જેની અમારા અસીલને જાણ થતા અમારા અસીલે તેઓને નોટિસ આપી, નોટિસ મળ્યેથી દિવસ–૧૫ માં વેચાણ દસ્તાવેજ કરી આપવા નોટિસ આપેલ છે. અને ૧૫ દિવસમાં નોટિસ મળ્યેથી અમલ ન કરે તો અમારા અસીલ તે અંગે અમરેલી પ્રિન્સીપાલ સિનિયર સિવિલ કોર્ટમા દાવો કરી કરારનો વિશેષ અમલ કરવા વિકલ્પે કરાર ભંગની નુકશાનીની રકમ વસુલ લેવા તથા તે જમીન તેઓ કોઈને વેચાણ ન કરે તે અંગે મનાઈ હુકમ મેળવવા તજવીજ કરી રહેલ છે.

સદરહું જમીનનું અમારા અસીલને બાનાખત કરી વેચાણ આપેલ હોય તેથી આ ધીરૂભાઈ નનુભાઈ તથા ગુજ.બાબુભાઈ નનુભાઈના વારસો ૨(૧) પરશોતમભાઈ બાબુભાઈ બાંભરોલીયા (૨) ઝવેરભાઈ બાબુભાઈ બાંભરોલીયા (૩) શાંતિભાઈ બાબુભાઈ બાંભરોલીયા, રે. બધા ગાયત્રી મંદિર રોડ, ભમ્મરવાડી, ત્રિપદા સોસાયટીની બાજુમાં, મુ. અમરેલીના તે જમીન અન્ય કોઈને વેચાણ આપવા કોઈ હકક અધિકાર નથી, તે રીતે તે જમીન તેઓ બીજા કોઈને વેચાણ કરી શકતા નથી. જેથી સદરહું જમીન કોઈએ વેચાણ ન લેવા અમારા અસીલ આ જાહેર નોટીસથી જણાવે છે. અને છતાં કોઈ ઈસમ આ જમીન વેચાણ રાખશે તો તે તદન ગેરકાયેદસર ગણાશે અને તે વેચાણથી ખરીદનારને કોઈ હકક પ્રાપ્ત થશે નહિ અને ભવિષ્યમાં તેઓ એવી તકરાર ઉઠાવી શકશે નહિ કે તેઓ બોનાફાઈડ પરચેજર છે. તેથી આ નોટીસથી સર્વને જણાવીએ છીએ કે, આ જમીન અમારા અસીલને કરી આપેલ બાનાખતવાળી હોય કોઈએ વેચાણ લેવા હકક અધિકાર નથી કે ધીરૂભાઈ નનુભાઈ બાંભરોલીયા તથા ગુજ. બાબુભાઈ નનુભાઈ બાંભરોલીયાને વારસોને આ જમીન અન્ય કોઈને વેચાણ આપવા કોઈ હકક કે અધિકાર નથી. જો તેઓ અન્ય કોઈને વેચાણ કરશે તો તે ગેરકાયદેસર હશે તેનાથી તેમનો સદરહું જમીનમાં કોઈ હકક ઉત્પન્ન થશે નહિ અને ભવિષ્યમાં ખરીદનાર અમારા અસીલ સામે આવી કોઈ તકરાર લઈ શકશે નહિ. તેનું તમામ જોખમ અને જવાબદાર ખરીદનારની રહેશે. જેથી આ જાહેર નોટિસથી અમો જણાવીએ છીએ કે, સદરહું જમીન કોઈએ વેચાણ લેવી નહિ.

**અમરેલી.**
**તા.૨૦/૦૨/૨૦૨૫**

**અસીલની સુચનાથી અને વતી,**

**એમ. જે. સૈયદ**
**એડવોકેટ–અમરેલી**

### અડધી રાતે ઉતાવળમાં CECની નિયુક્તિ

# SCના આદેશની અવગણનાઃ રાહુલ ગાંધીએ સોંપ્યો અસહમતી પત્ર

## સરકારે સુપ્રીમ કોર્ટના આદેશની અવગણના કરી અને ચીફ જસ્ટિસને પસંદગી સમિતિમાંથી દૂર કર્યા

નવીદિલ્હી,તા.૧૮

ચીફ ઈલેક્શન કમિશનર તરીકે જ્ઞાનેશ કુમારની નિમણૂકના એક દિવસ બાદ લોકસભાના વિપક્ષ નેતા રાહુલ ગાંધીએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીને અસહમતિ પત્ર સોંપ્યો છે. તેમણે અડધી રાત્રે ચીફ ઈલેક્શન કમિશનરની નિમણૂક કરવાનો આરોપ મૂકતાં કેન્દ્ર સરકાર પર ચૂંટણી પંચની સ્વતંત્રતાને નબળી બનાવવાનો આરોપ મૂક્યો છે. વિપક્ષ નેતા રાહુલ ગાંધી પણ ચીફ ઈલેક્શન કમિશનરની નિમણૂક સમિતિના સભ્ય હતાં.

રાહુલ ગાંધીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'X' પર પોસ્ટ કરતાં લખ્યું કે, 'ચૂંટણી પંચની નિમણૂક માટે રચાયેલી સમિતિની બેઠકમાં મેં વડાપ્રધાન અને ગૃહમંત્રીને અસહમતિ પત્ર સોંપ્યો છે. જેમાં સ્પષ્ટતા કરી છે કે, એક સ્વતંત્ર અને નિષ્પક્ષ ચૂંટણી પંચ માટે આ અત્યંત મહત્ત્વપૂર્ણ પગલું છે કે, ઈલેક્શન કમિશનર અને ચીફ ઈલેક્શન કમિશનરની નિમણૂક પ્રક્રિયા એક્ઝિક્યુટિવ પ્રભાવોથી મુક્ત હોવી જોઈએ.'

રાહુલ ગાંધીએ પોતાના પત્રમાં લખ્યું છે કે 'સરકારે સુપ્રીમ કોર્ટના આદેશની અવગણના કરી અને ચીફ જસ્ટિસને પસંદગી સમિતિમાંથી દૂર કર્યા. મોદી સરકારે સુપ્રીમ કોર્ટના આદેશનું ઉલ્લંઘન કર્યું છે. આનાથી ચૂંટણી પ્રક્રિયાની નિષ્પક્ષતા અંગે દેશના કરોડો મતદારોની ચિંતા વધી છે.' રાહુલ ગાંધીએ મંગળવારે આક્ષેપ કર્યો હતો કે 'વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને ગૃહ મંત્રી અમિત શાહે ચીફ ઈલેક્શન કમિશનરની પસંદગી કરી હતી. આ નિર્ણય એવા સમયે અયોગ્ય છે કે જ્યારે પસંદગી સમિતિની રચના અને પ્રક્રિયાને સુપ્રીમ કોર્ટમાં પડકારવામાં આવી હોય.' ૪૮ કલાકથી ઓછા સમયમાં આ મામલે સુનાવણી થવાની છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળ સોમવારે સાંજે યોજાયેલી પસંદગી સમિતિની બેઠક બાદ જ્ઞાનેશ કુમારને ભારતના નવા ઝઈઝ તરીકે પસંદગી કરવામાં આવી હતી. આ સમિતિમાં ગૃહમંત્રી અને રાહુલ ગાંધી પણ સામેલ છે.કોંગ્રેસના પૂર્વ અધ્યક્ષે કહ્યું, 'વિપક્ષના નેતા તરીકે, બાબાસાહેબ આંબેડકર અને આપણા રાષ્ટ્રનિર્માણ નેતાઓના આદર્શોને જાળવી રાખવાની મારી ફરજ છે અને ચૂંટણી પંચના ચીફ કમિશનરની પસંદગી સમિતિની રચના અને પ્રક્રિયા પર સુપ્રીમ કોર્ટ આગામી ૪૮ કલાકમાં જ સુનાવણી કરવાની હતી. તેમ છતાં વડાપ્રધાન અને ગૃહમંત્રી દ્વારા નવા ઝઈઝની પસંદગી માટે અડધી રાત્રે નિર્ણય લેવો એ અયોગ્ય છે.'

જ્ઞાનેશ કુમાર વર્તમાન ઝઈઝ રાજીવ કુમારનું સ્થાન લેશે. તેઓ નવા કાયદા હેઠળ નિયુક્ત થયેલા પ્રથમ ઝઈઝ છે. આ કાયદો ૨૦૨૩માં પસાર કરવામાં આવ્યો હતો. રાહુલ ગાંધીએ જૂન ૧૯૪૯માં બંધારણ સભામાં ડૉ. ભીમરાવ આંબેડકરના ભાષણનો ઉલ્લેખ કર્યો, જેમાં તેમણે ચૂંટણી પંચની સ્વતંત્રતા જાળવવાના મહત્વ પર ભાર મૂક્યો હતો અને ચેતવણી આપી હતી કે ચૂંટણી પંચની બાબતોમાં કારોબારી દ્વારા હસ્તક્ષેપ લોકશાહી માટે જોખમી બની શકે છે.

### પ્રયાગરાજથી આવતી ટ્રેનમાં લાગી આગ

# ત્રિવેણી એક્સપ્રેસમાં ધુમાડો દેખાતા મુસાફરોમાં ભય

## મિર્ઝાપુર-સોનભદ્ર મુખ્ય માર્ગ પર આવતા, ઘણા મુસાફરો પેસેન્જર ટ્રેનમાં ચડીને તેમના ગંતવ્ય સ્થાને ગયા

પ્રયાગરાજ,તા.૧૮

ટ્રેનમાં આગ લાગવાની ઘટના બાદ મુસાફરો ટ્રેન છોડીને બસ પકડવા માટે મુખ્ય રૂટ પર પહોંચી ગયા હતા. મિર્ઝાપુર-સોનભદ્ર મુખ્ય માર્ગ પર આવતા, ઘણા મુસાફરો પેસેન્જર ટ્રેનમાં ચડીને તેમના ગંતવ્ય સ્થાને ગયા. જિલ્લાના ખૈરાહી સ્ટેશન નજીક કર્મા પોલીસ સ્ટેશન વિસ્તારમાં મંગળવારે બપોરે દિલ્હી નજીક ત્રિવેણી એક્સપ્રેસમાં આગ લાગી હતી. ટ્રેનમાં આગ લાગ્યા બાદ ધુમાડો નીકળતો જોઈ મુસાફરોમાં ગભરાટ ફેલાઈ ગયો હતો. જોકે, ચાલકની મનની હાજરીને કારણે આગને યોગ્ય સમયે કાબૂમાં લેવામાં આવી હતી. હાલ તમામ મુસાફરો સુરક્ષિત છે.

ટ્રેનમાં આગ લાગવાની ઘટના બાદ મુસાફરો ટ્રેન છોડીને બસ પકડવા માટે મુખ્ય રૂટ પર પહોંચી ગયા હતા. મિર્ઝાપુર-સોનભદ્ર મુખ્ય માર્ગ પર આવતા, ઘણા મુસાફરો પેસેન્જર ટ્રેનમાં ચડીને તેમના ગંતવ્ય સ્થાને ગયા. મુસાફરોના જણાવ્યા અનુસાર આ ટ્રેનમાં બે વખત આગ લાગી છે. પ્રથમ આગ લુસા નજીક અને હવે ફરી દિલ્હી નજીક લાગી. જો કે આગના કારણે કોઈ નુકસાન થયું ન હતું.
આગ બાદ મોટાભાગના મુસાફરો ટ્રેન દ્વારા ઉત્તર તરફ ગયા હતા. આમાંથી કેટલાક લોકો બસ દ્વારા રવાના થયા હતા. આગ પાછળનું કારણ હજુ સુધી જાણી શકાયું નથી. આગ લાગવાનું કારણ અંગે કોઈ કંઈ કહેવા તૈયાર નથી. આ અંગે સેલ ફોન પર વાત કરતા ખૈરાહી સ્ટેશન માસ્ટર બીપી સિંહે જણાવ્યું કે ટ્રેનના વ્હીલની બ્રેક લાગી ગઈ હતી, જેના કારણે ધુમાડો નીકળવા લાગ્યો હતો. આ ઘટનાથી કોઈને નુકસાન થયું નથી. ટ્રેન ચોપાન જવા રવાના થઈ ગઈ છે.

તમને જણાવી દઈએ કે આ દિવસોમાં દેશભરમાંથી લાખો શ્રદ્ધાળુઓ પ્રયાગરાજ જઈ રહ્યા છે. આ ભક્તો પણ પ્રયાગરાજમાં આયોજિત મહાકુંભમાં ડૂબકી લગાવીને ટ્રેનમાં પરત ફરી રહ્યા છે. આ દરમિયાન પ્રયાગરાજ જતી અને પ્રયાગરાજથી પરત આવતી ટ્રેનોમાં ઘણી ભીડ જોવા મળી રહી છે. આ સંદર્ભે, રેલવે દ્વારા ઘણી વધારાની ટ્રેનો પણ ચલાવવામાં આવી રહી છે.

### ચીન આપણું દુશ્મન નથી : સામ પિત્રોડા

# કોંગ્રેસ નેતા સામ પિત્રોડાના વિચિત્ર નિવેદનથી વિવાદ

## કોંગ્રેસે સોમવારે પોતાના નેતા સામ પિત્રોડાના ચીન પરના નિવેદનોથી પોતાને દૂર રાખતા કહ્યું કે તે પાર્ટીના મંતવ્યો નથી

નવી દિલ્હી, તા.૧૮

કોંગ્રેસના વરિષ્ઠ નેતા અને રાહુલ ગાંધીના નજીકના સાથી સામ પિત્રોડાના નિવેદન પર વિવાદ ઉભો થયો છે. પિત્રોડાએ કહ્યું કે, ચીન તરફથી ખતરો છે તેવું કહેવું ઘણીવાર અતિશયોક્તિપૂર્ણ હોય છે. હવે સમય આવી ગયો છે કે આપણે આપણા પાડોશી દેશને ઓળખીએ અને તેનું સન્માન કરીએ. ભારતે પોતાની માનસિકતા બદલવાની અને ચીન દુશ્મન છે તેવી ધારણા છોડી દેવાની જરૂર છે. એ જરૂરી નથી કે આપણે હંમેશા ચીનને આપણો દુશ્મન માનીએ. પિત્રોડાના આ નિવેદન પર ભાજપે સમગ્ર કોંગ્રેસ પાર્ટીને ઘેરી લીધી છે. પિત્રોડાએ કહ્યું હતું કે, 'મારું માનવું છે કે હવે સમય આવી ગયો છે કે બધા દેશોએ સહયોગ કરવો જોઈએ, અથડામણ નહીં. શરૂઆતથી જ અમારો અભિગમ સંઘર્ષાત્મક રહ્યો છે અને આ વલણ દુશ્મનો પેદા કરે છે. આપણે આ માનસિકતા બદલવાની જરૂર છે અને એવું માનવું બંધ કરવાની જરૂર છે કે ચીન પહેલા દિવસથી જ દુશ્મન રહ્યું છે.' પિત્રોડાની આ ટિપ્પણી અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ અને વડાપ્રધાન નરેન્દ્ર મોદી વચ્ચેની તાજેતરની બેઠકને લગતી ચર્ચાઓ વચ્ચે આવી છે, જેમાં ભારત-ચીન સરહદી તણાવ પર ચર્ચાનો સમાવેશ થાય છે.કોંગ્રેસે સોમવારે પોતાના નેતા સેમ પિત્રોડાના ચીન પરના નિવેદનોથી પોતાને દૂર રાખતા કહ્યું કે તે પાર્ટીના મંતવ્યો નથી. ઓલ ઈન્ડિયા કોંગ્રેસ કમિટી (AICC)ના મહાસચિવ જયરામ રમેશે X પર એક પોસ્ટમાં જણાવ્યું હતું કે, સામ પિત્રોડાએ ચીન પર જે વિચારો વ્યક્ત કર્યા છે તે ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસના વિચારો નથી. ચીન આપણી મુખ્ય વિદેશ નીતિ, બાહ્ય સુરક્ષા અને આર્થિક પડકાર છે. કોંગ્રેસે મોદી સરકારના ચીન પ્રત્યેના અભિગમ પર વારંવાર પ્રશ્નો ઉઠાવ્યા છે, જેમાં 19 જૂન, 2020ના રોજ પીએમ દ્વારા જાહેર ક્લીનચીટનો પણ સમાવેશ થાય છે.પિત્રોડાના નિવેદન પર ભાજપના નેતા સુધાંશુ ત્રિવેદીએ કહ્યું કે સામ પિત્રોડાએ કોંગ્રેસ પાર્ટીના ચીન સાથેના કરારનો ખુલ્લેઆમ પર્દાફાશ કર્યો છે. ગંભીર વાત એ છે કે સામ પિત્રોડાએ જે કંઈ કહ્યું છે તે ભારતની અસ્મિતા, રાજદ્વારી અને સાર્વભૌમત્વ માટે મોટો આઘાત છે. રાહુલ ગાંધીએ વિદેશમાં પણ આવા જ ઘણા નિવેદનો આપ્યા છે. થોડા સમય પહેલા તેમના વિદેશ પ્રવાસ દરમિયાન તેમણે કહ્યું હતું કે ચીને બેરોજગારીની સમસ્યાને ખૂબ સારી રીતે હલ કરી છે.

### આમ આદમી પાર્ટીના દિગ્ગજ નેતાને ઝટકો

# આમ આદમી પાર્ટીના નેતા સત્યેન્દ્ર જૈનની મુશ્કેલીઓમાં વધારો

## હાલમાં જ કેન્દ્રીય ગૃહ મંત્રાલયે સત્યેન્દ્ર કુમાર જૈન સામ BNSની કલમ ૨૧૮ હેઠળ કોર્ટમાં કેસ ચલાવવા માટે મંજૂરી માંગી હતી

નવીદિલ્હી,તા.૧૮

દિલ્હીના પૂર્વ મંત્રી અને આમ આદમી પાર્ટીના નેતા સત્યેન્દ્ર જૈનની મુશ્કેલીઓમાં વધારો થઈ રહ્યો હોય તેવું લાગી રહ્યું છે. કારણ કે, રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ જૈન પર મની લોન્ડરિંગનો કેસ ચલાવવાની મંજૂરી આપી છે. હાલમાં જ કેન્દ્રીય ગૃહ મંત્રાલયે સત્યેન્દ્ર કુમાર જૈન સામે મ્દ્રજીની કલમ ૨૧૮ હેઠળ કોર્ટમાં કેસ ચલાવવા માટ મંજૂરી માંગી હતી.

મળતી માહિતી પ્રમાણે ગૃહ મંત્રાલયે કહ્યું છે કે, એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ તરફથી મળેલી સામગ્રીના આધારે સત્યેન્દ્ર કુમાર જૈન (૬૦) સામે કેસમાં કાર્યવાહી માટે મંજૂરી આપવા માટે પૂરતા પ્રમાણમાં પુરાવા મળ્યા છે. જેથી કોર્ટમાં કેસ ચલાવવાની માંગ કરવામાં આવી છે.

તપાસ એજન્સીઓએ સત્યેન્દ્ર જૈન વિરુદ્ધ હવાલા કારોબાર સાથે જોડાયેલા મની લોન્ડરિંગ કેસ નોંધ્યો છે. મે ૨૦૨૨ માં તેની ધરપકડ પણ કરવામાં આવી હતી. જ્યારે સત્યેન્દ્ર જૈનને ઈઙ્ઘ દ્વારા કસ્ટડીમાં લેવામાં આવ્યા હતા, ત્યારે તેમની પાસે આરોગ્ય અને વીજળી સહિત કેટલાક અન્ય મંત્રાલયો પણ હતા. જૈન હાલમાં જામીન પર બહાર છે. ED એ AAP નેતા વિરુદ્ધ ચાર્જશીટ દાખલ કરી છે.

ઓગસ્ટ ૨૦૧૭ માં સેન્ટ્રલ બ્યુરો ઓફ ઈન્વેસ્ટિગેશન એ જૈન અને અન્ય આરોપીઓ સામે તેમની આવક કરતાં વધુ સંપત્તિ ધરાવવા બદલ આ કેસ દાખલ કર્યો હતો. સીબીઆઈએ ડિસેમ્બર ૨૦૧૮ માં ચાર્જશીટ દાખલ કરી હતી, જેમાં કહ્યું હતું કે, કથિત સંપત્તિ રૂ. ૧.૪૭ કરોડની હતી, જે ૨૦૧૫-૧૭ દરમિયાન જૈનના આવકના સ્ત્રોતો કરતાં લગભગ ૨૧૭ ટકા વધુ હતી.EDએ અગાઉ કહ્યું હતું કે, તપાસમાં જાણવા મળ્યું છે કે ૨૦૧૫-૧૬ દરમિયાન સત્યેન્દ્ર જૈન એક જાહેર સેવક હતા અને ચાર કંપનીઓને શેલ કંપનીઓ પાસેથી રૂ. ૪.૮૧ કરોડની હવાલા એન્ટ્રીઓ (હવાલાની રકમ ) મળી હતી. એ બદલામાં, કોલકાતા સ્થિત એન્ટ્રી ઓપરેટરોને હવાલા દ્વારા રોકડ ટ્રાન્સફર કરવામાં આવતી હતી.

### નીતિન પટેલનું ચોંકાવનારું નિવેદન

# સીદીસૈયદની જાળી સાથે ગુજરાતને કોઈ લેવાદેવા નથી

## પૂર્વ નાયબ મુખ્ય પ્રધાન નીતિન પટેલ તેમના નિવેદનોને લઈને સતત ચર્ચાનું કેન્દ્ર બનતા રહે છે

મહેસાણા, તા.૧૮

પૂર્વ નાયબ મુખ્ય પ્રધાન નીતિન પટેલ તેમના નિવેદનોને લઈને સતત ચર્ચાનું કેન્દ્ર બનતા રહે છે. ત્યારે તેમણે કડી ખાતે આયોજિત ચુંવાળ બોતેર કડવા પાટીદાર સમાજના સમુહલગ્નમાં એક ચોંકાવનારૂ નિવેદન આપ્યું છે. નીતિન પટેલે કહ્યું કે સીદી સૈયદની જાળીનો ગુજરાત સાથે કોઈ સંબંધ નથી. જો કે આ મામલે હવે કોંગ્રેસના પ્રવક્તા મનીષ દોશીએ પ્રતિક્રિયા આપી છે.ગુજરાત ટ્રાવેલ ગાઈડપ્રાપ્ત વિગતો અનુસાર રાજ્યના પૂર્વ નાયબ મુખ્ય પ્રધાન નીતિન પટેલે કડી ખાતે આયોજિત ચુંવાળ બોતેર કડવા પાટીદાર સમાજના સમુહલગ્નમાં ચોંકાવનારું નિવેદન આપ્યું છે. તેમણે કહ્યું અગાઉની કોંગ્રેસ સરકાર મહેમાનોને સીદી સૈયદની જાળી ભેટમાં આપતી હતી, જેનો ગુજરાતની સંસ્કૃતિ સાથે કોઈ સંબંધ નથી. તેમણે આગળ કહ્યું કે હવે પરિસ્થિતિ બદલાઈ ગઈ છે અને સરદાર વલ્લભભાઈ પટેલની વિશ્વની સૌથી મોટી પ્રતિમા સ્ટેચ્યુ ઓફ યુનિટી ભેટમાં આપવામાં આવે છે.આગળ તેમણે સ્ટેચ્યુ ઓફ યુનિટીની પ્રતિમાની ભેટ આપવાનું કારણ કહ્યું તું કે સરદાર વલ્લભભાઈ પટેલે ભારતીય એકતા માટે મહત્ત્વનું યોગદાન આપ્યું હતું. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગુજરાતના મુખ્ય પ્રધાન તરીકે આ વિચાર રજૂ કર્યો હતો અને આજે આ પ્રતિમા લોકોના આકર્ષણનું કેન્દ્ર બની છે. તેમણે કહ્યું, ''સ્ટેચ્યુ ઓફ યુનિટીની પ્રતિમા માત્ર શોભા માટે નથી, પરંતુ તેમાંથી સમાજની એકતા, સંગઠન અને વિકાસની પ્રેરણા મળે છે.કોંગ્રેસ પર કટાક્ષ કરતાં નીતિન પટેલે કહ્યું કે, અગાઉની કોંગ્રેસ સરકાર મહેમાનોને સીદી સૈયદની જાળીની પ્રતિમા ભેટ આપતી હતી. આખા ગુજરાતને તેની સાથે કોઈ લેવા દેવા નથી, ગુજરાતની સંસ્કૃતિ સાથે કોઈ લેવા દેવા નથી. આપણા સનાતન ધર્મને તેની સાથે કોઈ લેવા દેવા નહી.

### મોદી સરકારની ચૂપકીદી

# ભારતની ચૂંટણીમાં અમેરિકન સરકારની સીધી દખલથી ખળભળાટ

## મસ્કે 'વોટર ટર્નઆઉટ' માટે ભારતને અપાતી ૧૮૪ કરોડની સહાય બંધ કરી હતી

નવી દિલ્હી, તા.૧૮

અમેરિકામાં એલન મસ્કના ડીપાર્ટમેન્ટ ઓફ ગવર્નમેન્ટ એફિશિયન્સી (DOGE)એ 'વોટર ટર્નઆઉટ' માટે ભારતને અપાતી ૨.૧ કરોડ ડોલર (લગભગ ૧૮૪ કરોડ રૂપિયા)ની સહાય બંધ કરી દીધી છે. મસ્કના નિર્ણયના કારણે ભારતની ચૂંટણીમાં અમેરિકાની સીધી દખલ હોવાનું બહાર આવતાં ખળભળાટ મચ્યો છે. કેન્દ્રની નરેન્દ્ર મોદી સરકાર આ અંગે તાત્કાલિક તપાસ કરાવવાના બદલે ચૂપ છે તેથી મોદી સરકાર પણ શંકાના દાયરામાં છે. ભારતમાં આ નાણાં કઈ સંસ્થાને અપાતાં હતાં તે અંગેની વિગતો બહાર નથી આવી પણ ભાજપે કોંગ્રેસ અને નહેરૂ-ગાંધી ખાનદાનને નાણાં મળ્યાં હોવાનો આક્ષેપ કર્યો છે. જ્યોર્જ સોરોસે મોદીને હરાવવા નાણાં અપાવ્યાના આક્ષેપ ભાજપે કર્યા છે. બીજી તરફ નરેન્દ્ર મોદીને જીતાડવા માટે અમેરિકા નાણાં ખર્ચીને ભારતની ચૂંટણીમાં દખલગીરી કરતું હોવાના આક્ષેપ થઈ રહ્યા છે. ભારતમાં પોતાના ઈશારે નાચતી સરકાર બેસાડવા માટે ડીપ સ્ટેટ્સ દ્વારા ખર્ચાઈ રહેલાં નાણાં અંગે મોદી સરકાર અત્યાર સુધી કેમ ચૂપ હતી એ પણ સવાલ ઉઠયો છે. કેન્દ્રમાં છેલ્લાં ૧૦ વર્ષથી ભાજપની સરકાર છે છતાં અમેરિકાની ભારતીય ચૂંટણીમાં સીધી દખલ બંધ કરાવવા માટે કેમ કોઈ પગલાં ના લેવાયાં એ સવાલ પણ થઈ રહ્યો છે. મોદી સરકાર હજુય તપાસ કરાવતાં કેમ ખચકાઈ રહી છે અને ભાજપના નેતા માત્ર રાજકીય આક્ષેપો જ કરી રહ્યા છે એ મુદ્દો પણ ઉભો થયો છે. ભાજપે ૨૦૧૨માં એસ.વાય. કુરૈશી ભૂતપૂર્વ મુખ્ય ચૂંટણી કમિશનર હતા ત્યારે કોંગ્રેસના ઈશારે ચૂંટણી પંચે કરાર કરીને નાણાં લીધાં હોવાનો આક્ષેપ પણ કરેલો. જો કે કુરેશીએ દાવો કર્યો છે કે, USAID એ ભારતમાં મતદાનમા વધારો કરવા માટે ૨.૧૦ કરોડ ડોલરનું ભંડોળ આપ્યું હતું અને યુએસ ડિપાર્ટમેન્ટ ઓફ ગવર્નમેન્ટ એફિશિયન્સી (DOGE)ના દાવામાં કોઈ તથ્ય નથી. કુરૈશીએ એક પોસ્ટમાં જણાવ્યું હતું કે, '૨૦૧૨ માં જ્યારે હું સીઈસી હતો ત્યારે ભારતમાં મતદાન વધારવા માટે યુએસ એજન્સી દ્વારા ચોક્કસ કરોડ ડોલરના ભંડોળ માટે ચૂંટણી પંચ દ્વારા એક એમઓયુ કરવામાં આવ્યો હોવાના મીડિયામાં આવેલા અહેવાલમાં દમ નથી. હું મુખ્ય ચૂંટણી કમિશનર હતો ત્યારે ૨૦૧૨માં ઈન્ટરનેશનલ ફાઉન્ડેશન ફોર ઈલેક્ટોરલ સિસ્ટમ્સ (IFES) સાથે એમઓયુ થયા હતા. ચૂંટણી પંચના તાલીમ અને સંસાધન કેન્દ્ર- ઈન્ડિયા ઈન્ટરનેશનલ ઈન્સ્ટિટયુટ ફોર ડેમોક્રેસી એન્ડ ઈલેક્શન મેનેજમેન્ટ (IIIDEM) ખાતે અલગ અલગ દેશો માટે તાલીમની સુવિધા માટે ચૂંટણી પંચે અન્ય એજન્સીઓ અને ચૂંટણી મેનેજમેન્ટ સંસ્થાઓ સાથે આ પ્રકારના એમઓયુ કર્યા હતા પણ તેમાં નાણાં આપવાની કોઈ વાત નહોતી.

### નવા મુખ્યમંત્રીના શપથ ગ્રહણ સમારોહની તૈયારીઓ

# દિલ્હીના નવા મુખ્યમંત્રીની શપથવિધિ સમયમાં ફેરફાર

## ૨૦મી ફેબ્રુઆરીએ સાંજે ૪.૩૦ કલાકે થવાનો હતો, હવે આ કાર્યક્રમ સવારે ૧૧ કલાકે કરવાનો નિર્ણય લેવાયો

નવી દિલ્હી, તા. ૧૮

દિલ્હીના નવા મુખ્યમંત્રીના શપથ ગ્રહણનો સમય બદલાયો છે. જ્યાં પહેલા દિલ્હીના નવા સીએમનો શપથ ગ્રહણ ૨૦મી ફેબ્રુઆરીએ સાંજે ૪.૩૦ કલાકે થવાનો હતો, હવે આ કાર્યક્રમ સવારે ૧૧ કલાકે કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. શપથ ગ્રહણ સમારોહનો સમય ચોક્કસપણે બદલાયો છે, પરંતુ તારીખ એ જ છે. એટલે કે હવે દિલ્હીના નવા સીએમનો શપથ ગ્રહણ સમારોહ હવે ૨૦ ફેબ્રુઆરીએ સવારે ૧૧ વાગ્યે થશે.

મહત્વનું છે કે દિલ્હીના નવા મુખ્યમંત્રીના શપથ ગ્રહણ સમારોહની તૈયારીઓ જોરશોરથી ચાલી રહી છે. કાર્યક્રમ માટે સ્થળ (રામલીલા મેદાન) નક્કી કરવામાં આવ્યું છે. જો કે હજુ સુધી મુખ્યમંત્રીના નામને લઈને કોઈ સહમતિ સધાઈ નથી. આવતીકાલે (૧૯ ફેબ્રુઆરી) મળનારી ધારાસભ્ય દળની બેઠકમાં મુખ્યમંત્રીના નામની જાહેરાત થઈ શકે છે. કહેવામાં આવી રહ્યું છે કે ૧૯ ફેબ્રુઆરીની રાતથી રામલીલા મેદાન તરફ જતા તમામ રસ્તાઓ બંધ કરી દેવામાં આવશે. માત્ર VVIP વાહનોને જ પ્રવેશ મળશે. વડા પ્રધાન નરેન્દ્ર મોદી, કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહ, મુખ્ય પ્રધાન યોગી આદિત્યનાથ અને ૫૦ થી વધુ ઉચ્ચ સુરક્ષા નેતાઓ પણ રામલીલા મેદાન પહોંચશે. આ શપથ ગ્રહણ સમારોહમાં ૨૦ રાજ્યોના મુખ્યમંત્રીઓ પણ હાજરી આપશે. તમામ કેન્દ્રીય મંત્રીઓ અને NDA નેતાઓને પણ બોલાવવામાં આવ્યા છે.

રામલીલા મેદાનના મંચ પર શપથગ્રહણ સમારોહ પહેલા ગીત-સંગીતનો રંગારંગ કાર્યક્રમ થશે. કૈલાશ ખખ્ખર દ્વારા પ્રેઝન્ટેશન થશે. અક્ષય કુમાર, વિવેક ઓબેરોય, હેમા માલિની, કૈલાશ ખખ્ખર સહિત ૫૦ થી વધુ ફિલ્મ સ્ટાર્સ હાજર રહેશે. મુંબઈના પ્રખ્યાત ઉદ્યોગપતિ મુકેશ અંબાણી, ગૌતમ અદાણી સહિત એક ડઝન ઉદ્યોગપતિઓ પણ રામલીલા મેદાનમાં હાજર રહેશે. આ સિવાય બાબા રામદેવ, સ્વામી ચિદાનંદ, બાબા બાગેશ્વર ધીરેન્દ્ર શાસ્ત્રીને પણ શપથ ગ્રહણ સમારોહમાં આમંત્રણ આપવામાં આવી રહ્યું છે.

દિલ્હી વિધાનસભાની ચૂંટણીમાં ભાજપ દ્વારા તૈનાત અન્ય રાજ્યોમાંથી ભાજપના નેતાઓ અને કાર્યકરોને પણ આ કાર્યક્રમમાં આમંત્રણ આપવામાં આવ્યું છે. લાડલી બહેનોને પણ બોલાવવામાં આવશે. આ ઉપરાંત ખેડૂતોને પણ બોલાવવામાં આવશે. લગભગ ૩૦ હજાર મહેમાનોને આમંત્રિત કરવામાં આવી રહ્યા છે. એનડીએના ઘટક પક્ષોના નેતાઓને પણ આમંત્રિત કરવામાં આવશે.

### બાવળામાં બસપા બની કિંગ મેકર

# ભાજપ અને કોંગ્રેસ બેમાંથી એકને પણ ન મળી બહુમતી

## નગરપાલિકાની ચૂંટણીમાં ૨૮ બેઠકમાંથી ભાજપને ૧૪ બેઠકો પર જીતનો સ્વાદ ચાખવા મળ્યો છે

બાવળા, તા.૧૮

તાજેતરમાં યોજાયેલી સ્થાનિક સ્વરાજની ચૂંટણીની મતગણતરી ચાલી રહી છે. અમદાવાદના બાવળા નગરપાલિકાની ચૂંટણીના પરિણામોએ બસપાને કિંગ મેકર બનાવી દીધી છે. નગરપાલિકાની ચૂંટણીમાં ૨૮ બેઠકમાંથી ભાજપને ૧૪ બેઠકો પર જીતનો સ્વાદ ચાખવા મળ્યો છે, જ્યારે કોંગ્રેસે ૧૩ બેઠકો પર કબજો જમાવ્યો છે. બહુમતી માટે ૧૫ બેઠકો જીતવી જરૂરી છે પરંતુ બંનેમાંથી એકપણ પક્ષને બહુમતી પ્રાપ્ત થઈ નથી. ત્યારે બસપા કિંગ મેકર બની શકે છે.

બાવળા નગરપાલિકાની ચૂંટણીની વાત કરવામાં આવે તો ૭ વોર્ડમાં ૨૮ બેઠકો પર ચૂંટણી યોજાઈ હતી અને જેમાં ૭૮ ઉમેદવારો મેદાને ઉતર્યા હતા. જેમાં ભાજપે ૧૪ બેઠકો, કોંગ્રેસે ૧૩ અને બસપાએ ૧ બેઠક પર જીત મેળવી છે. નગરપાલિકામાં સત્તા પર આરૂઢ થવા માટે ૨૮ માંથી ૧૫ બેઠકો જીતવી જરૂરી છે. ત્યારે બાવળમાં એકપક્ષને બહુમત પ્રાપ્ત થયો નથી. ત્યારે બાવળા નગરપાલિકાની ચૂંટણીમાં વોર્ડ નંબર ૭માં જીત પ્રાપ્ત કરનાર કાળુભાઈ ચૌહાણ કિંગ મેકર સાબિત થઈ શકે છે. કારણ ભાજપે ૧૪ બેઠકો પર વિજય મેળવ્યો છે. ત્યારે બસપાના કાળુભાઈ ચૌહાણ ભાજપમાં જોડાઈ જાય તો ભાજપની ૧૫ બેઠકો થઈ જાય અને બહુમતી મળતાં ભાજપ બાવળા નગરપાલિકા પર કબજો કરી શકે છે. તો બીજી તરફ ૧૩ બેઠકો પર જીત હાંસલ કરી છે.

ત્યારે બસપાના કાળુભાઈ જો કોંગ્રેસમાં જોડાઈ જાય છે તો કોંગ્રેસની ૧૪ બેઠક થઈ જાય તો બંને પક્ષો વચ્ચે ટાઈની સ્થિતિ સર્જાઈ શકે છે. આવા સંજોગોમાં કોઈને પણ સ્પષ્ટ બહુમતી ના મળી કહેવાય. ત્યારે હવે બધાની નજર બીએસપી ના ઉમેદવાર કાળુભાઈ ચૌહાણ પર ટકેલી છે કે તે કોની સાથે જોડાશે. કાળુભાઈ કોંગ્રેસનો હાથ પકડશે કે પછી કમળનો સાથ આપશે એ તો આગામી સમય જ બતાવશે.

### ગુજરાતમાં મળતા બજેટ સત્રમાં કુલ ચાર વિધેયકો પસાર થવાના છે

# ૧૯ ફેબ્રુઆરીથી ૨૮ માર્ચ સુધી વિધાનસભાનું બજેટ સત્ર

## વિધાનસભાના બજેટ સત્ર પૂર્વે વિધાનસભાના અધ્યક્ષ શંકર ચૌધરીના અધ્યક્ષ સ્થાને કામકાજ સલાહકાર સમિતિની બેઠક મળી હતી

ગાંધીનગર,તા.૧૮

૧૯ ફેબ્રુઆરીથી ૨૮ માર્ચ સુધી વિધાનસભાનું બજેટ સત્ર મળવાનું છે. આજથી ગુજરાતમાં મળતા બજેટ સત્રમાં કુલ ચાર વિધેયકો પસાર થવાના છે. વિધાનસભાના બજેટ સત્ર પૂર્વે આજે વિધાનસભાના અધ્યક્ષ શંકર ચૌધરીના અધ્યક્ષ સ્થાને કામકાજ સલાહકાર સમિતિની બેઠક મળી હતી. વિધાનસભા કામકાજ સલાહકાર સમિતિ બેઠકમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, આરોગ્યમંત્રી ઋષિકેશ પટેલ, ઉદ્યોગ મંત્રી બળવંતસિંહ રાજપુત, નાણામંત્રી કનુ દેસાઈ, ભાજપના વિધાનસભાના દંડક બાલકૃષ્ણ શુક્લ તેમજ કોંગ્રેસના વિપક્ષના નેતા અમિત ચાવડા અને દાણીલીમડા બેઠકના કોંગ્રેસના ધારાસભ્ય શૈલેષ પરમાર ઉપસ્થિતિમાં યોજાઈ હતી. કામેકાજ સમિતિની બેઠકમાં મુખ્યત્વે વિધાનસભા આવતીકાલથી શરૂ થતા ૨૮ માર્ચ સુધી વિધાનસભાના સત્ર અંતર્ગત ચર્ચા યોજાઈ હતી. જે આવતીકાલથી શરૂ થતાં વિધાનસભાના સત્રની શરૂઆત રાજ્યપાલ આચાર્ય દેવવ્રત પ્રવચન સાથે શરૂ થવાનું છે. ૨૦ ફેબ્રુઆરીએ રાજ્યના નાણામંત્રી કનુભાઈ દેસાઈ વર્ષ ૨૦૨૫-૨૬નું બજેટ રજૂ કરશે. રાજ્યપાલના સંબોધન બાદ ત્રણ બેઠક રાખવામાં આવી છે. તદુપરાંત પૂરક માંગણી માટેની પણ બે ચર્ચા બેઠક બજેટ સત્રમાં યોજવામાં આવવાની છે. બજેટની માંગણીઓ પર ચર્ચા અને મતદાન માટે બાર જેટલી બેઠકો વિધાનસભાના બજેટ સત્રમાં યોજાવાની છે. વિધાનસભાનું સત્ર કુલ ૨૭ બેઠકો સાથે ૨૮ માર્ચ સુધી યોજવાનું છે. આવતીકાલથી મળતા બજેટ સત્રમાં ચાર વિધેયકો પણ રજૂ થવાના છે. વિધાનસભામાં પસાર થતા ચાર વિધેયકો વિશે માહિતી મેળવીએ તો પ્રથમ ગુજરાત રાજ્ય ફિઝિયોથેરાપી કાઉન્સિલ રદ કરવા વિધેયક ૨૦૨૫ રજૂ થવાનું છે. બીજું વિધેયક ગુજરાત ચિકિત્સાશાસ્ત્ર નિયમન સુધારા વિધેયક ૨૦૨૫ રજૂ થવાનું છે. ત્રીજું વિધેયક ગુજરાત ગુડ્સ એન્ડ સર્વિસ ટેકસ સુધારા વિધેયક ૨૦૩૫ રજૂ થવાનું છે. ચોથું વિધેયક ગુજરાત પ્રોફેશનલ સિવિલ એન્જિનિયર રદ કરવા બાબતનું વિધેયક ૨૦૨૫ રજૂ થવાનું છે.

ઉલ્લેખનીય છે કે, વિધાનસભાના સત્રમાં વિવિધ ચર્ચા બેઠકો પ્રશ્નોત્તરી કાળ સાથે આજથી સત્ર શરૂ થવાનું છે. જે અંગે આજે કામકાજની બેઠકમાં કોંગ્રેસના ધારાસભ્યો દ્વારા બજેટ સત્રમાં મોંઘવારી, બેરોજગારી, ભરતીમાં થતા કૌભાંડો તેમજ કુદરતી આપત્તિ, ટેકાના ભાવે થતી ખરીદી કૌભાંડ સહિતની મુદ્દાઓ અંગે વિધાનસાગૃહમાં ચર્ચા કરી કામકાજ સમિતિમાં સમક્ષ રજૂઆત મૂકી હતી.

### બજેટ સત્રના પ્રથમ દિવસે જ હોબાળો થયો

# બાળકોને ઉર્દૂ ભણાવીને શું મૌલવી બનાવવા છે? યોગી આદિત્યનાથ

નવીદિલ્હી,તા.૧૮

ઉત્તર પ્રદેશ વિધાનસભામાં બજેટ સત્રના પ્રથમ દિવસે જ હોબાળો થયો હતો. જેમાં સમાજવાદી પાર્ટીના વિરોધનો મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે સણસણતો જવાબ આપ્યો હતો. તેમણે સપા બેવડું વલણ ધરાવે છે. તે પોતાના બાળકોને અંગ્રેજી ભાષાની શાળાઓમાં ભણાવે છે, પરંતુ જ્યારે અન્ય બાળકોને આ સુવિધા મળી રહી હોય તો તેનો વિરોધ કરી તેમને ઉર્દૂ ભણાવવા પર જોર કરે છે અને મૌલવી બનાવે છે.યુપી વિધાનસભા બજેટ સેશનમાં સ્પીકર સતિશ માહિતી આપી રહ્યા હતા કે, વિધાનસભાની કાર્યવાહીને વિવિધ ભાષાઓમાં પ્રસારિત કરવામાં આવશે. જેમાં ભોજપુરી, બુંદેલખડી, અવધી સહિતની પ્રાદેશિક ભાષા ઉપરાંત અંગ્રેજી ભાષા સમાવિષ્ટ થશે. આ જાહેરાતનો સપાએ વિરોધ કર્યો હતો અને કહ્યું હતું કે, 'અન્ય પ્રાદેશિક ભાષા તો ઠીક છે, પરંતુ અંગ્રેજી ભાષાનો સમાવેશ કેમ કર્યો, ઉર્દૂનો કેમ નહીં, ઉર્દૂ ભાષામાં પણ વિધાનસભાની કાર્યવાહી સમજાવો.' આ દલીલના કારણે સીએમ યોગીએ સપા પર પ્રહારો કર્યા હતા.

CM યોગી આદિત્યનાથે સપાના વિરોધનો જવાબ આપ્યો હતો કે, 'આ લોકોની આ જ સમસ્યા છે, તમે રાજ્યના હિત માટે થતાં સારા કામોની પણ ટીકા જ કરશો. વિપક્ષનું આ પ્રકારનું વલણ નિંદાને પાત્ર છે. આ લોકો પોતા બાળકોને અંગ્રેજી માધ્યમની શાળામાં ભણાવશે, પરંતુ જો સરકાર આ જ સુવિધા અન્ય બાળકોને આપવા માગતી હોય તો તેમને ઉર્દૂ ભણવા મજબૂર કરશે અને તેઓ તેમને મૌલવી બનાવવા માગે છે.'મીડિયા રિપોર્ટ અનુસાર, વિધાનસભામાં ચાલતી કામગીરી તેમજ સ્પીકરની સ્પીચ અંગ્રેજી ઉપરાંત અન્ય કોઈ ભાષામાં હોય તો કોઈપણ ધારાસભ્ય પોતાના હેડફોનની મદદથી પ્રાદેશિક ભાષામાં ભાષાંતર સાંભળી શકશે. તદુપરાંત જો કોઈ સભ્ય ગૃહમાં બોલવા અથવા વિરોધ પ્રાદેશિક ભાષામાં કરવા માગતા હોય તો તેઓ પણ હેડફોનની મદદથી કરી શકશે. હેડફોનમાં પ્રાદેશિક ભાષાને હિન્દી તેમજ અન્ય પ્રાદેશિક ભાષામાં અનુભાવ કરવાની સુવિધા હશે.

### ઉત્તર ગુજરાતમાં ભાજપનું શાનદાર પ્રદર્શન

# અત્ર.. તત્ર.. સર્વત્ર ભાજપ, ૬૮ ન.પા. પૈકી ૬૨ ઉપર ભગવો લહેરાયો, ૧ ન.પા. ટાઈ થઈ

### ગાંધીનગર કમલમ ખાતે ભાજપનો વિજયોત્સવ યોજાયો : ઢોલ નગારા સાથે કાર્યકરોની પ્રદેશ ભાજપ અધ્યક્ષ સી આર પાટીલની હાજરીમાં ઉજવણી

ગાંધીનગર, તા. ૧૮

સ્થાનિક સ્વરાજયની ચુંટણીના પરિણામ આવી ગયા છે. જેમાં ભારતીય જનતા પાર્ટીએ જવલંત સફળતા પ્રાપ્ત કરી છે. લગભગ મોટાભાગની નગરપાલિકા, જૂનાગઢ મહાનગર પાલિકા તેમજ જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતની પેટા ચુંટણીમાં જીત મેળવી છે. આ ચુંટણીનું અંતિમ ચિત્ર આખરે સ્પષ્ટ થઈ ગયું છે. એટલે કે જૂનાગઢ મહાનગર પાલિકા ભાજપે પોતાની પાસે રાખી છે. આ ઉપરાંત ૬૮ નગરપાલિકાઓ પૈકી ૬૨ ઉપર ભાજપનો ભગવો લહેરાયો છે. ગુજરાતમાં સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓના પરિણામ બાદ ભાજપ દ્વારા પ્રદેશ કાર્યાલય કમલમ ખાતે ઉજવણી કરાઈ હતી. વિગતો મુજબ ગાંધીનગર કમલમ ખાતે ભાજપનો વિજયોત્સવ યોજાયો હતો. ઢોલ નગારા સાથે કાર્યકરોની ઉજવણી કરી રહ્યા છે. આ સાથે કેન્દ્રીય મંત્રી અને પ્રદેશ ભાજપ અધ્યક્ષ સી આર પાટીલની હાજરીમાં ઉજવણી થઈ રહી હતી. આ સાથે રાજયના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ પણ વિજયોત્સવમાં જોડાયા હતા. કોંગ્રેસને માત્ર ૧ સલાયા નગરપાલિકાની જ બેઠક મળી છે. જ્યારે પોરબંદર જિલ્લાની કુતિયાણા, રાણાવાવમાં સપાની જીત અને આણંદ જિલ્લાની આંકલાવ નગરપાલિકામાં અપક્ષનો દબદબો જોવા મળ્યો હતો. જ્યારે કે, ડાકોર નગરપાલિકામાં ભાજપ અને અપક્ષ વચ્ચે ટાઈ થઈ છે. એટલે કે, નોંધનીય છે કે ૧૮૪૪ બેઠકમાંથી ૧૬૭ બેઠક બિન હરીફ થતા ૬૬ પાલિકાઓની ૧૬૭૭ બેઠક માટે મતદાન થયું હતું. જેમાં કૂલ ૧૬૭૭ બેઠકોમાંથી ૧૩૭૭ બેઠક ભાજપને ફાળે ગઈ છે.

આ સિવાય ગાંધીનગર, કપડવંજ અને કઠલાલ તાલુકા પંચાયતમાં પણ ભાજપની જીત થઈ છે. જો કે, દેવભૂમિ દ્વારકામાં ૨૮ બેઠકવાળી સલાયા નગરપાલિકાના ચૂંટણીમાં કોંગ્રેસે ફરી બાજી મારી છે. સલાયા નગરપાલિકાની ચૂંટણીમાં કોંગ્રેસે ૧૫ બેઠક પર જીત નોંધાવી છે, જ્યારે આમ આદમી પાર્ટીએ દમદાર પ્રદર્શન કરતાં ૧૩ સીટો પર જીતનો પરચમ લહેરાવ્યો છે. ત્યારે ભાજપ ખાતું ખોલાવી શકી ન હતી. મંત્રી મુળુભાઈ બેરાના વિસ્તારમાં ભાજપના સૂપડા સાફ થઈ ગયા છે. પરિણામો જાહેર થતાં સલાયા ભાજપમાં સન્નાટો છવાઈ ગયો છે. નોંધનીય છે કે, સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં આ એકમાત્ર બેઠક હશે જ્યાં ભાજપનું ખાતું પણ ખોલાવી શકી નથી.

ભાવનગર જિલ્લાના તળાજામાં કોંગ્રેસને મોટો ઝટકો લાગ્યો છે. અહીં રિકાઉન્ટિંગમાં પણ ભાજપ જીતી ગયો છે. જ્યારે ધ્રાંગધ્રા નગરપાલિકાના વોર્ડ નંબર ૧ પર યોજાયેલી પેટાચૂંટણીમાં ભાજપ ઉમેદવાર અમરાભાઈ હાડગડા જીતી ગયા છે. આ ઉપરાંત સાબરકાંઠાના ખેડબ્રહ્મામાં વોર્ડ નંબર ૩ના અપક્ષ ઉમેદવાર રામજી પંડ્યાએ રિકાઉન્ટિંગની માંગ કરી છે. ભાજપ અને અપક્ષ વચ્ચે ખરાખરીનો જંગ જામ્યો છે. ત્યારે વોર્ડ નંબર ૩ માં ફક્ત ૩૦ મતોનું માર્જિન હોવાના કારણે રિકાઉન્ટિંગની માંગ કરવામાં આવી રહી છે. જૂનાગઢના વંથલીમાં વોર્ડ નંબર ૪માં ભાજપની પેનલ જીતી જતાં ભાજપનો વિજયરથ આગળ વધ્યો. આ સાથે ભાજપનો સ્કોર જૂનાગઢ મહાનગરપાલિકામાં ૨૭ પર પહોંચી ગયો છે જ્યારે ૧ બેઠક અપક્ષના હાથમાં છે અને કોંગ્રેસ હજુ ખાલી હાથ છે. વાંકાનેર નગરપાલિકાની વાત કરીએ તો ૧૧ બેઠકો પર ભાજપ બિનહરિફ રહ્યા બાદ હવે વધુ ચાર બેઠકો જીતી ગયો છે. વાંકાનેરમાં કુલ ૨૮ બેઠકો છે. જેમાં મોટાભાગની બેઠકો ભાજપને મળે તેવી શક્યતાને જોતાં સત્તામાં અહીં ભાજપ આવે તેવા સંકેત દેખાઈ રહ્યા છે.

આ ઉપરાંત જૂનાગઢ મહાનગરપાલિકાની ચૂંટણીમાં ભાજપનો વિજયરથ યથાવત છે. હજુ સુધી કોંગ્રેસનું ખાતું ખુલ્યું નથી. જો કે અહીં એક મોટો અપસેટ થયો છે. જૂનાગઢ કોર્પોરેશનના પૂર્વ ડે. મેયર ગિરીશ કોટેચાનો પુત્ર પાર્થ કોટેચા અપક્ષ સામે હારી ગયો છે. હાલ મળતી માહિતી મુજબ અહીં ભાજપના ખાતામાં ૧૨ બેઠકો આવી ચૂકી છે. કુલ બેઠકો ૬૦ છે.

આ ઉપરાંત ચોરવાડમાં પણ મોટો ઉલટફેર થયો છે. જેમાં ગીર સોમનાથના વર્તમાન ધારાસભ્ય વિમલ ચુડાસમા ચોરવાડ નગરપાલિકાની ચૂંટણીમાં હારી ગયાનું જાણવા મળ્યું છે. બાવળા ન.પા.માં કોંગ્રેસના બે ઉમેદવાર જીત્યાં છે. જેમાં બાવળા નગરપાલિકાના વોર્ડ નંબર ૧ માં કોંગ્રેસના ૨ અને ભાજપના ૨ ઉમેદવારો જીત્યાં હતા. જ્યારે કે, સાણંદ નગરપાલિકામાં વોર્ડ નંબર-૧માં ભાજપની પેનલ જીતી છે. સાણંદ નગરપાલિકામાં વોર્ડ નંબર-૧માં ભાજપની પેનલનો વિજય થયો હતો. તે સિવાય માણસા નગરપાલિકાની વોર્ડ- નંબર ૧માં પણ ભાજપની પેનલ જીતી છે.લુણાવાડા-બાલાસિનોરમાં ભાજપની વિજયી શરૂઆત થઈ છે. લુણાવાડા અને બાલાસિનોરમાં ભાજપની પેનલ આગળ છે. સંતરામપુરના વોર્ડ નંબર-૧માં ભાજપની પેનલ આગળ નીકળી ગઈ છે. ખાનપુર-કનોડ તાલુકા પંચાયતમાં પંજો આગળ છે. ખાનપુર-કનોડ તાલુકા પંચાયતમાં કોંગ્રેસ આગળ ચાલી રહી છે. ઉલ્લેખનીય છે કે ભાણવડની ૨૪ પૈકી ૮ બેઠક પર ભાજપના ઉમેદવાર બિનહરીફ જાહેર કરાયા હતા. કુતિયાણા નગરપાલિકાના વોર્ડ-૧માં ભાજપની પેનલ જીતી ગઈ છે.

આ ઉપરાંત વલસાડમાં પણ ભગવો લહેરાયો છે. વલસાડ નગરપાલિકામાં વોર્ડ નંબર-૧માં ભાજપની પેનલ જીતી. જ્યારે જૂનાગઢના વંથલીમાં વોર્ડ નંબર-૧માં ભાજપના ચારેય ઉમેદવાર વિજયી થયા. હાલોલ નગરપાલિકામાં વોર્ડ નંબર-૧માં ભાજપની પેનલ જીતી ગઈ છે. સ્થાનિક એકમોની ચૂંટણીના અત્યાર સુધીના પરિણામો અનુસાર ખેડબ્રહ્માં વોર્ડ નંબર-૧માં ભાજપની પેનલ એટલે કે ચારેય ઉમેદવાર વિજયી બન્યા છે. જ્યારે હાલોલ નગરપાલિકામાં વોર્ડ નંબર-૧માં પણ ભગવો લહેરાયો છે. હાલોલ નગરપાલિકાના વોર્ડ નંબર ૧માં ભાજપની જીત, સાણંદ નગરપાલિકાના વોર્ડ નંબર ૧માં ભાજપની જીત, જામજોધપુરના વોર્ડ નંબર ૧માં ભાજપની પેનલ જીતી, કોડીનારમાં ભાજપની પેનલ જીતી, સાબરકાંઠાના પ્રાંતિજમાં વોર્ડ નંબર ૧ માં ભાજપનો વિજય, માણસા નપાના વોર્ડ નંબર ૧ માં ભાજપનો વિજય, તલોદના વોર્ડ નંબર ૧ માં ભાજપનો વિજય, અમરેલીના ચાલાલામાં ભાજપની ૪ બેઠકો પર જીત સાથે ખાતું ખુલ્યું, ચોરવાડ નગરપાલિકામાં વોર્ડ નંબર ૧ પર ભાજપની જીત, તાપીના સોનગઢ વોર્ડ નંબર ૧માં ભાજપની પેનલ જીતી, ૨૮ બેઠકવાળી સોનગઢ નગર પાલિકામાં ૪ ઉમેદવારોની જીત સાથે ખાતું ખુલ્યું. જ્યારે કે, જૂનાગઢ મહાનગરપાલિકાની ૬૦ બેઠકોના પરિણામ આવવાનું શરૂ થયું છે. હાલમાં ભાજપ ૮ બેઠક પર આગળ છે ત્યારે કોંગ્રેસ અને અન્ય ૦ પર છે.

મહત્વનું છે કે, ગત ૧૬મી ફેબ્રુઆરીએ જુનાગઢ મહાનગરપાલિકા, રાજયની અલગ અલગ ૬૮ નગરપાલિકાઓ અને ૩ તાલુકા પંચાયતની ચુંટણી માટે શાંતિપૂર્ણ માહોલમાં મતદાન પૂર્ણ થયા બાદ હવે આજે જનાદેશનો સૂર્યોદય થશે. આ ચુંટણીની સવારે ૯ વાગ્યાથી મતગણતરી શરૂ થઈ ગઈ છે. મતદાનમાં સૌથી મોટી અને મહત્વપૂર્ણ બાબતે એ રહી છે કે રાજયમાં એક પણ સ્થળે અનિચ્છનીય બનાવ બન્યો ન હતો. એકપણ સ્થળે પુનઃ મતદાન કરવાની જરુરીયાત રહી નથી.

જુનાગઢ મહાપાલિકાની ચુંટણીમાં માત્ર ૪૪.૩૨ ટકા જ મતદાન થયું છે. જયારે અમદાવાદ મહાપાલિકાના વોર્ડ નં. ૭ની એક બેઠક, ભાવનગર મહાપાલિકાના વોર્ડ નં.૩ ના એક વોર્ડની પેટા ચુંટણી અને સુરત મહાપાલિકાના વોર્ડ નં. ૧૮ ની એક બેઠકની પેટા ચુંટણી માટે સરેરાશ ૩૧.૭૨ ટકા મતદાન થયું હતું.

આ ઉપરાંત ૬૬ નગરપાલિકાની સામાન્ય ચુંટણી માટે ૬૧.૬૫ ટકા જેવું નોંધપાત્ર મતદાન થયું હતું. જયારે બ નગરપાલિકાની મધ્યસત્ર ચુંટણી માટે માત્ર ૩૫.૨૩ ટકા મતદાન થયું છે. અલગ અલગ નગરપાલિકાઓમાં પસંગોપાત ખાલી પડેલી ૧૯ બેઠકો માટે ૩૭.૮૫ ટકા જેટલું મતદાન થયું છે. જિલ્લા પંચાયતોની આઠ બેઠકો માટેની પેટા ચુંટણીમાં ૪૩.૬૭ ટકા જેટલું મતદાન થયું છે. જયારે તાલુકા પંચાયતની ૭૬ બેઠકો માટેની પેટા ચુંટણીમાં ૫૭.૦૧ ટકા મતદાન થયું હોવાનું જાણવા મળી રહ્યું છે.

જ્યારે કે, ગાંધીનગર તાલુકા પંચાયતની સામાન્ય ચુંટણીમાં ૬૪.૧૭ટકા, ખેડા જિલ્લાની કપડવંજ તાલુકા પંચાયતની સામાન્ય ચુંટણી માટે ૬૫.૩૦ટકા અને કઠલાલ તાલુકા પંચાયત માટે ૬૫.૦૭ ટકા મતદાન થયું છે. રાજય ચુંટણી આયોગના સચિવ જી.સી. બ્રહ્મભટ્ટના જણાવ્યાનુસાર મતદાન એકંદરે શાંતિપૂર્ણ સંપન્ન થયું છે કોઈ અનિચ્છીય બનાવ બન્યો નથી. કોઈપણ મતદાન મથક પર પુનઃ મતદાન કરવાની જરુરત પડી નથી.

### સતત આઠમી વખત નગરપાલિકાની ચૂંટણી જીતી બનાવ્યો રેકોર્ડ

# બીલીમોરામાં અપક્ષ ઉમેદવારે કમાલ કર્યો

### પાંચ બેઠક અપક્ષ તો બે બેઠક કોંગ્રેસને મળી છે પરંતુ બીલીમોરામાં એક અપક્ષ ઉમેદવારે કમાલ કર્યો છે

નવસારી, તા.૧૮

ગુજરાતમાં યોજાયેલી સ્થાનિક સ્વરાજની ચૂંટણીના પરિણામો સામે આવી ગયા છે. નવસારી જિલ્લાની બીલીમોરા નગરપાલિકાની પણ ચૂંટણી યોજાઈ હતી. બીલીમોરામાં ૯ વોર્ડની ૩૬ બેઠકમાંથી ભાજપે ૨૯ બેઠકો જીતી સત્તા મેળવી છે. પાંચ બેઠક અપક્ષ તો બે બેઠક કોંગ્રેસને મળી છે. પરંતુ બીલીમોરામાં એક અપક્ષ ઉમેદવારે કમાલ કર્યો છે અને આઠમી વખત ચૂંટણી જીતી છે.જનતા જ્યારે પ્રેમ આપે છે ત્યારે સામાન્ય માણસ પણ આસમાનની બુલંદી પર પહોંચી જાય છે. બીલીમોરા નગરપાલિકાની ચૂંટણીમાં પણ આવું જ કંઈક જોવા મળ્યું છે. જ્યાં સતત જનતા માટે દોડતા અપક્ષ ઉમેદવાર મલંગ કોલીયા સતત આઠમી વાર પાલિકાની ચૂંટણી જીત્યા છે અને ગુજરાતમાં અપક્ષ તરીકે આઠ વાર જીતવાનો રેકોર્ડ સ્થાપિત કરી દીધો છે.બીલીમોરા નગરપાલિકાના અપક્ષ ઉમેદવાર મલંગ કોલિયા વર્ષ ૧૯૮૫ થી પાલિકાની ચૂંટણી લડતા આવ્યા છે. જ્યારે પ્રથમવાર મલંગ ચૂંટણી લડ્યા ત્યારે ગુજરાતના સૌથી નાના ઉમેદવાર હોવાની નામના તેમણે મેળવી હતી. મલંગે તેમના પિતાના વારસાને આગળ વધારી અને સતત ૪૦ વર્ષથી બીલીમોરા નગરપાલિકાના નગરસેવક તરીકે સેવા આપી રહ્યા છે. આ વર્ષે પણ મલંગ કોલીયાએ વોર્ડ નંબર ૫ માંથી અપક્ષ ઉમેદવારી નોંધાવી હતી. ગત ૧૬ ફેબ્રુઆરીએ મતદાન થયું અને આજે મતગણતરી કેન્દ્ર ઉપર ઈફ્ફ ખૂલ્યા તો પાલિકાની ૩૬ બેઠકોના ઉમેદવારોમાં સૌથી વધુ ૨૨૦૦ થી વધુ મતો મલંગ કોલિયાના નામે નીકળ્યા હતા. જેની સાથે જ મલંગભાઈએ ૮ મી વાર જીત પોતાના નામે કરી છે. સતત ૪૦ વર્ષોથી મલંગ બીલીમોરા નગરપાલિકામાં નગરસેવક તરીકે ચૂંટાઈ આવે છે. ગત ટર્મમાં મલંગ કોલિયા વિપક્ષી નેતા તરીકે રહ્યા હતા અને પાલિકામાં અનેક વિવાદિત કામોમાં સવાલો ઉઠાવી તે કામોને પૂર્ણ કરાવવા માટેના પ્રયાસો પણ કર્યા હતા. સાથે જ મલંગ કોઈપણ આપદા સમય ખડે પગે સેવા આપે છે. મલંગની સાધગી અને આ સેવાકીય સ્વભાવને કારણે વોર્ડ નંબર ૫ની જનતા તેમને સતત ચૂંટતી આવી છે.

### ૨૮માંથી ૨૭ બેઠકો સાથે થઇ ભવ્ય જીત

# અમિત શાહના મતવિસ્તાર માણસામાં ભાજપનો સપાટો

### માણસા નગરપાલિકા ચૂંટણી પરિણામ જાહેર થતાં કાર્યકરોમાં ઉત્સાહનો માહોલ જોવા મળ્યો હતો

માણસા, તા.૧૮

આજે સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીનું પરિણામ જાહેર થઈ ચૂક્યું છે. ભાજપે ૬૮માંથી ૫૮ નગરપાલિકાઓ પર કબજો જમાવ્યો છે. આમાં ગાંધીનગરની માણસા નગરપાલિકામાં ભાજપે ભગવો લહેરાવ્યો છે. અમિત શાહના મતવિસ્તાર અને વતન માણસામાં ભાજપની જીતની ખુશી સાતમા આસામને છે. માણસા નગરપાલિકા ચૂંટણી પરિણામ જાહેર થતાં કાર્યકરોમાં ઉત્સાહનો માહોલ જોવા મળ્યો હતો. તાજા અપડેટ પ્રમાણે, ગાંધીનગરની માણસા નગરપાલિકામાં ભાજપનો ભગવો લહેરાવ્યો છે. અહીં ભાજપને પૂર્ણ બહુમતી સાથે ૨૮માંથી ૨૭ બેઠકો ભાજપને ફાળે અને ૧ બેઠક કોંગ્રેસના ફાળે આવી છે. માણસામાં વોર્ડ નંબર ૧,૨,૪,૫,૬ અને ૭માં ભાજપનો વિજય થયો છે. જ્યારે માત્ર વોર્ડ નંબર ૩માં કોંગ્રેસનો એક ઉમેદવારનો વિજય થયો છે. ભાજપના કાર્યકરો દ્વારા જીતને વધાવવામાં આવી છે. ગુલાલ ઉડાડી અને ઢોલ નગારા સાથે ઉજવણી કરી છે. વર્ષ ૧૯૯૫થી માણસા નગરપાલિકા ઉપર બીજેપીનું શાસન છે અને હજુપણ આવનાર પાંચ વર્ષ બીજેપી શાસન મેળવ્યું છે.

માણસા વોર્ડ નંબર-૧માં ભાજપની પેનલ વિજયી થતા ખુશીનો માહોલ જોવા મળ્યો હતો. ભાજપ ઉમેદવાર જીતેન્દ્ર ઠાકોર અને જ્યોત્સના વાઘેલા જીત્યા હતા. માણસા વોર્ડ નંબર ૧માં ભાજપની પેનલ વિજયી થતાં કાર્યકરો ખુશ થયા હતા. તો ભાજપ ઉમેદવાર દક્ષા પટેલ અને મુકેશ પટેલની જીત થતાં ઉત્સાહનો માહોલ સર્જાયો હતો. માણસામાં વોર્ડ નંબર- ૨માં ભાજપની પેનલજી જીત હતી. તો આ તરફ, માણસા નગર પાલિકા વોર્ડ નંબર- ૩માં ભાજપની પેનલ ન બની. અહીં વોર્ડ નંબર-૩માં ૩ બેઠક ભાજપ અને ૧ બેઠક પર કોંગ્રેસની જીત થઈ છે. જેના કારણે થોડી ઉદાસી જોવા મળી હતી.

માણસા નગરપાલિકાના ૭ વોર્ડ ની ૨૮ બેઠકો માટે આજે મતદાન યોજાયું હતું જેમાં ૩૫ મતદાન કેન્દ્રો ઉપર શહેરના ૨૭૦૨૦ મતદારો પૈકી ૧૭૨૮૫ મતદારોએ પોતાના મત અધિકારનો ઉપયોગ કરી ૬૪ ટકા જેટલું મતદાન કરી વોર્ડના ઉમેદવારોનું ભાવિ મત પેટીમાં સીલ કર્યું હતું, દિવસ દરમિયાન એક મતદાન કેન્દ્ર પર થોડા સમય માટે ઈવીએમ ખોટવાયુ હતું તે સિવાય તમામ મતદાન મથકો પર શાંતિપૂર્ણ રીતે મતદાન પૂર્ણ થયું હતું.

### RPFના રિપોર્ટમાં ધડાકો કરાયો

# નવી દિલ્હી રેલવે સ્ટેશન પર થયેલી નાસભાગમાં તંત્રની જ બેદરકારી

### ભીડને ધ્યાનમાં રાખીને RPF ઇન્સ્પેક્ટરે સ્ટેશન ડાયરેક્ટરને સ્પેશિયલ ટ્રેન ઝડપથી દોડાવવાની સલાહ આપી હતી

નવી દિલ્હી, તા. ૧૮

નવી દિલ્હી રેલવે સ્ટેશન પર શનિવારે રાત્રે થયેલી નાસભાગ અંગે આરપીએફએ રિપોર્ટ તૈયાર કર્યો છે. રિપોર્ટમાં જણાવવામાં આવ્યું છે કે રેલવેની જાહેરાત બાદ પ્લેટફોર્મ નંબર ૧૨-૧૩ થી ૧૬ સુધી મુસાફરોની ભીડ દોડવા લાગી હતી, જેના કારણે પ્લેટફોર્મ નંબર ૧૨, ૧૩, ૧૪, ૧૫, ૧૬ તરફ જતા રસ્તાઓ સંપૂર્ણ રીતે બ્લોક થઈ ગયા હતા.

સ્ટેશન પર સતત વધી રહેલી ભીડને ધ્યાનમાં રાખીને RPF ઈન્સ્પેક્ટરે સ્ટેશન ડાયરેક્ટરને સ્પેશિયલ ટ્રેન ઝડપથી દોડાવવાની સલાહ આપી હતી. અહેવાલમાં જણાવાયું છે કે નાસભાગ રાત્રે ૮:૪૮ કલાકે થઈ હતી. નાસભાગ બાદ રાહત સહાય પૂરી પાડવામાં ૪૦ મિનિટથી વધુનો વિલંબ થયો હતો.

આરપીએફના રિપોર્ટમાં જણાવવામાં આવ્યું છે કે શનિવારે રાત્રે ૮ વાગ્યે પ્લેટફોર્મ નંબર ૧૨ પરથી શિવગંગા એક્સપ્રેસ રવાના થયા બાદ પ્લેટફોર્મ પર મુસાફરોની ભારે ભીડ એકઠી થવા લાગી, જેના કારણે પ્લેટફોર્મ નંબર ૧૨, ૧૩, ૧૪, ૧૫,૧૬ તરફ જતા રસ્તાઓ સંપૂર્ણપણે જામ થઈ ગયા હતા.

આ પછી, RPF ઈન્સ્પેક્ટરે સ્ટેશન ડિરેક્ટરને સ્પેશિયલ ટ્રેન ઝડપથી ચલાવવાની સલાહ આપી અને પ્રયાગરાજ માટે દર કલાકે ૧૫૦૦ ટિકિટ વેચતી રેલવે ટીમને તરત જ ટિકિટનું વેચાણ બંધ કરવા કહ્યું હતું. આરપીએફના રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે સીસીટીવી ફૂટેજમાં વધતી ભીડ જોયા બાદ સ્ટેશન ડાયરેક્ટરને ટિકિટ આપવાનું બંધ કરવા માટે કહેવામાં આવ્યું હતું.

રિપોર્ટ અનુસાર, જ્યારે RPF સ્ટાફ ૮:૪૫ વાગ્યે ગીચ FOB 2 અને ૩ ને ખાલી કરવાનો પ્રયાસ કરી રહ્યો હતો, ત્યારે એક જાહેરાત કરવામાં આવી હતી કે કુંભ સ્પેશિયલ ટ્રેન પ્લેટફોર્મ નંબર ૧૨ થી રવાના થશે. થોડા સમય પછી, સ્ટેશન પર ફરીથી જાહેરાત થઈ કે કુંભ સ્પેશિયલ ટ્રેન પ્લેટફોર્મ નંબર ૧૬ પરથી રવાના થશે. જે બાદ મુસાફરોમાં નાસભાગ મચી ગઈ હતી. આરપીએફના જણાવ્યા અનુસાર, ડ્યુટી સ્ટેશન ઈન્ચાર્જને રાત્રે ૮:૪૮ કલાકે નાસભાગની જાણ થઈ હતી. રેલ્વે દ્વારા કરવામાં આવેલી જાહેરાત સાંભળીને, પ્રયાગરાજ સ્પેશિયલના મુસાફરોએ પ્લેટફોર્મ ૧૨-૧૩ અને ૧૪-૧૫ પરથી સીડીઓ દ્વારા ફૂટ ઓવર બ્રિજ ૨ અને ૩ પર ચઢવા માટે દોડવાનું શરૂ કર્યું હતું. દરમિયાન બીજી ટ્રેનના મુસાફરો સીડી પરથી ઉતરી રહ્યા હતા, ત્યારે તેમની વચ્ચે બોલાચાલી થઈ હતી અને આ અંધાધૂંધીમાં કેટલાક લોકો લપસીને પડી ગયા હતા, જેના કારણે નાસભાગ મચી ગઈ હતી. આ અકસ્માત રાત્રે ૮.૪૮ કલાકે થયો હતો. આ નાસભાગ પછી રાહત સહાય આપવામાં ૪૦ મિનિટથી વધુનો વિલંબ થયો હતો. દિલ્હી ફાયરનું કહેવું છે કે તેમને રાત્રે ૯:૫૫ વાગ્યે દિલ્હી પોલીસ તરફથી નાસભાગની પ્રથમ માહિતી મળી હતી. જો કે, રેલવેએ તેના સત્તાવાર સંદેશાવ્યવહારમાં જણાવ્યું છે કે નાસભાગ રાત્રે ૯:૧૫ વાગ્યે થઈ હતી.આ સિવાય આજતકે વિલંબ વિશે જાણવા માટે ઉત્તર રેલવેના મુખ્ય જનસંપર્ક અધિકારીનો સંપર્ક કર્યો હતો, પરંતુ હજુ સુધી કોઈ જવાબ મળ્યો નથી. મહત્વનું છે કે, નવી દિલ્હી રેલ્વે સ્ટેશન પર શનિવારે રાત્રે થયેલી નાસભાગમાં ૧૮ મુસાફરોના શ્વાસ રૂંધાવાથી મોત થયા હતા, જ્યારે ઘણા લોકો ઘાયલ થયા હતા. મૃતકોમાં ૯ મહિલા, ૪ પુરૂષ અને ૫ બાળકોનો સમાવેશ થાય છે. આ તમામ લોકો બિહાર, દિલ્હી અને હરિયાણાના રહેવાસી હતા.

## સ્થાનિક સ્વરાજની ચૂંટણીનું પરિણામ જાહેર

ગાંધીનગર, તા.૧૮

ગુજરાતમાં યોજાયેલી સ્થાનિક સ્વરાજની ચૂંટણીનું પરિણામ જાહેર થઈ ગયું છે. ગુજરાતમાં જૂનાગઢ મહાનગર પાલિકા, ગાંધીનગર તાલુકા પંચાયત, કપડવંજ તાલુકા પંચાયત અને કઠલાલ તાલુકા પંચાયત સહિત ૬૮ નગરપાલિકાની ચૂંટણી માટે ૧૬ ફેબ્રુઆરીએ મતદાન થયું હતું અને આજે પરિણામ આવી ગયું છે. ભારતીય જનતા પાર્ટીએ આ ચૂંટણીમાં સૌથી મોટી જીત મેળવી છે. ભારતીય જનતા પાર્ટીએ જૂનાગઢ મહાનગર પાલિકા સાથે કુલ ૬૨ નગરપાલિકા પર જીત મેળવી છે. ત્રણેય તાલુકા પંચાયતમાં પણ ભાજપની જીત થઈ છે. ભાજપ માટે સ્થાનિક સ્વરાજની ચૂંટણીના પરિણામો ઉત્સાહજનક છે. જયારે કોંગ્રેસના ખાતામાં માત્ર એક નગરપાલિકા આવી છે. જ્યારે પાંચ નગરપાલિકામાં અન્યની જીત થઈ છે. તમે પણ જાણો કઈ પાલિકામાં કઈ પાર્ટીને જીત મળી છે.

જૂનાગઢ મનપા (60): BJP 48, CONG 11, OTH 1
ગાંધીનગર તા.પં.(28): BJP 20, CONG 8, OTH 0
કપડવંજ તા.પં.(26): BJP 18, CONG 6, OTH 2
કઠલાલ તા.પં.(24): BJP 17, CONG 3, OTH 4
નગરપાલિકા (68): BJP 62, CONG 1, OTH 5
સોનગઢ (28): BJP 26, CONG 2, OTH 0
જામજોધપુર (28): BJP 27, CONG 0, OTH 1
ધ્રોલ (28): BJP 15, CONG 8, OTH 1
કાલાવડ (28): BJP 26, CONG 2, OTH 0
થાનગઢ (28): BJP 25, CONG 0, OTH 3
બાવળા (28): BJP 14, CONG 13, OTH 1
સાણંદ (28): BJP 25, CONG 3, OTH 0
ધંધુકા (28): BJP 20, CONG 7, OTH 1
કરજણ (28): BJP 19, CONG 0, OTH 9
મહેમદાવાદ (28): BJP 18, CONG 0, OTH 10
ડાકોર (28): BJP 14, CONG 0, OTH 14
ચકલાસી (28): BJP 16, CONG 1, OTH 11
મહુધા (24): BJP 14, CONG 0, OTH 10
ખેડા (28): BJP 14, CONG 1, OTH 13
પ્રાંતિજ (24): BJP 19, CONG 2, OTH 3
તલોદ (24): BJP 22, CONG 1, OTH 1
ખેડબ્રહ્મા (28): BJP 17, CONG 11, OTH 0
સલાયા (28): BJP 0, CONG 15, OTH 13
ભાણવડ (24): BJP 21, CONG 3, OTH 0
દ્વારકા (28): BJP 28, CONG 0, OTH 0
બોરીયાવી (24): BJP 15,CONG 6,OTH 3
આંકલાવ (24): BJP 10, CONG 0, OTH 14
ઓડ (24): BJP 24, CONG 0, OTH 0
હારીજ (24): BJP 14, CONG 10, OTH 0
ચાણસ્મા (24): BJP 15, CONG 5, OTH 4
રાધનપુર (28): BJP 15, CONG 3, OTH 0
કોડીનાર (28): BJP 28, CONG 0, OTH 0
લુણાવાડા (28): BJP 16, CONG 11, OTH 1
સંતરામપુર (24): BJP 15, CONG 7, OTH 2
બાલાસિનોર (28): BJP 16, CONG 9, OTH 3
કુતિયાણા (24): BJP 10, CONG 0, OTH 14
રાણાવાવ (28): BJP 8, CONG 0, OTH 20
ગઢડા (28): BJP 18, CONG 10, OTH 0
છોટાઉદેપુર (28): BJP 8, CONG 1, OTH 19
બીલીમોરા (36): BJP 29, CONG 2, OTH 5
રાપર (28): BJP 21, CONG 1, OTH 0
ભચાઉ (28): BJP 28, CONG 0, OTH 0
ખેરાલુ (24): BJP 13, CONG 7, OTH 4
વડનગર (28): BJP 26, CONG 2, OTH 0
લાઠી (24): BJP 18, CONG 5, OTH 1
જાફરાબાદ (28): BJP 28, CONG 0, OTH 0
રાજુલા (28): BJP 28, CONG 0, OTH 0
ચલાલા (24): BJP 24, CONG 0, OTH 0
જસદણ (28): BJP 22, CONG 5, OTH 1
જેતપુર (44): BJP 32, CONG 1, OTH 11
ધોરાજી (36): BJP 24, CONG 12, OTH 0
ભાયાવદર (24): BJP 15, CONG 9, OTH 0
ઉપલેટા (36): BJP 27, CONG 6, OTH 3
હળવદ (28): BJP 27, CONG 1, OTH 0
હાલોલ (36): BJP 34, CONG 0, OTH 2
કાલોલ (28): BJP 17, CONG 0, OTH 11
સિહોર (36): BJP 25, CONG 8, OTH 3
ગારિયાધાર (28): BJP 18, CONG 7, OTH 3
તળાજા (28): BJP 17, CONG 11, OTH 0
દેવગઢબારિયા (24): BJP 13, CONG 3, OTH 8
ઝાલોદ (28): BJP 17, CONG 0, OTH 11
બાંટવા (24): BJP 24, CONG 0, OTH 0
માણાવદર (28): BJP 26, CONG 2, OTH 0
માંગરોળ (36): BJP 15, CONG 15, OTH 6
વીસાવદર (24): BJP 21, CONG 3, OTH 0
વંથલી (24): BJP 20, CONG 4, OTH 0
ચોરવાડ (24): BJP 20, CONG 4, OTH 0
વલસાડ (44): BJP 41, CONG 1, OTH 2
પારડી (28): BJP 22, CONG 5, OTH 1
ધરમપુર (24): BJP 20, CONG 0, OTH 4
માણસા (28): BJP 27, CONG 1, OTH 0

### મુસ્લિમ બિરાદરો માટે મોટો નિર્ણય

# રમઝાન મહિનામાં મુસ્લિમ કર્મચારીઓને ઓફિસમાંથી ૪ વાગ્યા બાદ મળશે છુટ્ટી

### તેલંગાણામાં કામકાજના સ્થળોએ એક કલાકની છૂટ રમઝાન માસ દરમિયાન મુસ્લિમ બિરાદરોને મળશે

હૈદરાબાદ, તા.૧૮

રાજ્ય સરકારના સરકારી વિભાગો અને સાર્વજનિક ક્ષેત્રના એકમો તેમજ શૈક્ષણિક સંસ્થાઓમાં તમામ મુસ્લિમ કર્મચારીઓને પવિત્ર રમઝાન માસ દરમિયાન એક કલાક વહેલા એટલે કે સાંજે ૪ વાગ્યે જવાની છૂટ મળશે. આ છૂટ ૨જી માર્ચથી ૩૧ માર્ચ ૨૦૨૫ સુધીની રહેશે

તેલંગાણા સરકારે રમઝાન મહિનામાં મુસ્લિમ કર્મચારીઓન વહેલા ઓફિસ છોડવની છૂટ આપી છે.

રાજ્ય સરકારે તમામ સરકારી વિભાગો, સાર્વજનિક ક્ષેત્રો અને શૈક્ષણિક સંસ્થાઓમાં તમામ મુસ્લિમ કર્મચારીઓને રમઝાનના પવિત્ર માસ દરમિયાન એક કલાક વહેલા એટલે કે સાંજે ૪ વાગ્યે તેમની ઓફિસો અને શાળા છોડવાની મંજૂરી આપી છે. આ છૂટ ૨ માર્ચ, ૨૦૨૫થી ૩૧ માર્ચ, ૨૦૨૫ સુધી લાગુ રહેશે.

સામાન્ય વહીવટ વિભાગ દ્વારા જારી કરાયેલા સત્તાવાર પરિપત્ર મુજબ, આ નિર્ણય સરકારી મુસ્લિમ કર્મચારીઓ, શિક્ષકો, કરાર અને આઉટસોર્સિંગ કર્મચારીઓ તેમજ બોર્ડ, કોર્પોરેશન અને જાહેર ક્ષેત્રના કર્મચારીઓને પણ લાગુ પડે છે. આ પગલાનો હેતુ રમઝાન દરમિયાન ધાર્મિક વિધિઓ અને આવશ્યક પ્રાર્થનાઓને વધુ સુવિધાજનક બનાવવાનો છે. આ વખતે રમઝાન મહિનો ૨૮ ફેબ્રુઆરીથી શરૂ થઈ રહ્યો છે જે ૨૯ માર્ચ સુધી ચાલશે.

ભાજપના અમિત માલવિયાએ તેને તુષ્ટિકરણની રાજનીતિ ગણાવી છે. ઠ પર એક પોસ્ટમાં, તેમણે કહ્યું, 'તેલંગાણા સરકારે રમઝાન દરમિયાન મુસ્લિમ કર્મચારીઓ માટે કામના કલાકોમાં છૂટછાટને મંજૂરી આપી છે. જ્યારે હિંદુઓ નવરાત્રિ દરમિયાન ઉપવાસ કરે છે, ત્યારે તેમને ક્યારેય આવી કોઈ છૂટ આપવામાં આવતી નથી. આ નિર્ણય કોઈ એક સમુદાયની ધાર્મિક માન્યતાઓ પ્રત્યે સંવેદનશીલ હોવા અંગેનો નથી, પરંતુ તેને માત્ર મતબેંક સુધી મર્યાદિત રાખવાનો છે. આનો વિરોધ થવો જોઈએ.

ઈસ્લામિક કેલેન્ડરનો નવમો મહિનો રમઝાન મહિનો કહેવાય છે. આ મહિનાની શરૂઆત ચાંદ દેખાયા બાદ થાય છે. રમઝાન દરમિયાન, મુસ્લિમ લોકો રોઝા રાખી અલ્લાહની ઈબાદત કરે છે. રમઝાન મહિનો પૂરો થયા બાદ સમગ્ર વિશ્વમાં ઈદનો તહેવાર ધામધૂમથી ઉજવવામાં આવે છે. રમઝાનમાં, મુસ્લિમો દિવસભર રોઝા રાખવા માટે સૂર્યોદય પહેલા જ સેહરી ખાઈ લે છે, ત્યારબાદ તેઓ આખો દિવસ ભૂખ્યા અને તરસ્યા રહે છે અને ખુદાના નામનો જાપ કરે છે. સાંજે ઈફતાર દરમિયાન રોઝા ખોલવામાં આવે છે.

ઈસ્લામિક માહિતી અનુસાર, રોઝા રાખવા એ એ ઈસ્લામના પાંચ મૂળભૂત સિદ્ધાંતોમાંથી એક છે. તમામ મુસ્લિમો માટે આ પાંચ સિદ્ધાંતોનું પાલન કરવું ખૂબ જ મહત્વપૂર્ણ છે. આ પાંચ સિદ્ધાંતોમાં નમાઝ, દાન, આસ્થા, હજ અને રોઝાનો સમાવેશ થાય છે.

# ભારતમાં બમ્પર ભરતી સાથે વિસ્તરણ કરશે ટેસ્લા

વોશિંગ્ટન, તા.૧૮

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના અમેરિકા પ્રવાસ દરમિયાન ઈલોન મસ્ક સાથેની બેઠક ફળી છે. વિશ્વની ટોચની બીજા ક્રમની ઈવી કંપની ટેસ્લાના માલિક મસ્કે ભારત માટે વિસ્તરણ યોજના રજૂ કરતાં મોટી સંખ્યામાં ભરતી કરવાની જાહેરાત કરી છે. કંપનીએ તેના લિંક્ડઈન પેજ પર વિવિધ ૧૩ કેટેગરી માટે ૨૦૦૦થી વધુ ભરતી કરવાની જાહેરાત કરી છે.વડાપ્રધાન નરેન્દ્ર મોદી હાલમાં જ અમેરિકામાં ટેસ્લાના માલિક ઈલોન મસ્કને મળ્યા હતા. તેમજ તેમણે પણ ટેસ્લા ભવિષ્યમાં ભારતમાં મોટાપાયે રોકાણ કરે તેવી સંભાવનાઓ દર્શાવી હતી. વડાપ્રધાન મોદીએ ઈલોન મસ્ક સાથેની બેઠક અંગે માહિતી આપતાં જણાવ્યું હતું કે, મેં ઈલોન મસ્ક સાથે મિનિમમ ગવર્નમેન્ટ, મેક્સિમમ ગવર્નન્સના વિઝન સાથે ભારતના વિવિધ ક્ષેત્રે સુધારાઓ વિશે ચર્ચા કરી હતી.ટેસ્લા પાવર ઈન્ડિયાએ હાલમાં જ જૂની બેટરીઓની જાળવણી અને સમારકામ કરી વેચવા પોતાની બેટરી બ્રાન્ડ રિસ્ટોર લોન્ચ કરી હતી. જે હેઠળ તે ૨૦૨૬ સુધીમાં દેશભરમાં રિસ્ટોર બ્રાન્ડના ૫૦૦૦ સ્ટોર શરૂ કરશે. ટેસ્લા પાવર ઈન્ડિયાના મેનેજિંગ ડિરેક્ટર કવિન્દર ખુરાનાએ જણાવ્યું હતું કે, ભારતમાં બિઝનેસ વિસ્તરિત કરવાના ભાગરૂપે અમે ઈનોવેશન મારફત ટકાઉ લક્ષ્યો મેળવવા પ્રતિભાશાળી વ્યક્તિઓની મહત્ત્વપૂર્ણ ભૂમિકાનો ઉપયોગ કરવા માગીએ છીએ. અમારી ટીમમાં નવી પ્રતિભાઓનું સ્વાગત કરતાં આ મિશનને વેગ આપવા સક્ષમ છીએ.મીડિયા રિપોર્ટ અનુસાર, ટેસ્લા દ્વારા ઓફર કરવામાં આવેલી ૨૦૦૦ નોકરીઓમાં ઓછામાં ઓછી પાંચ નોકરી દિલ્હી અને મુંબઈમાં છે. મુંબઈમાં કસ્ટમર એન્ગેજમેન્ટ મેનેજર, ડિલિવરી ઓપરેશન્સ સ્પેશ્યાલિસ્ટ જેવા પદ માટે વેકેન્સી છે. ભારત દ્વારા ઈ કારની આયાત પર ઊંચા ટેરિફના કારણે ટેસ્લા ઓટો સેગમેન્ટમાં ભારતમાં પ્રવેશી શકી નથી. જો કે, પોલીસીમાં મોટા ફેરફારોના કારણે ભારતમાં આગામી સમયમાં ટેસ્લા ઈવી સેગમેન્ટમાં મજબૂત ગ્રોથ નોંધાવે તેવી શક્યતા જોવા મળી છે. ભારતે મોંઘીદાટ કારની આયાત માટે પોતાની બેઝિક કસ્ટમ ડ્યૂટી ૧૦૦ ટકાથી ઘટાડી ૭૦ ટકા કરી છે. જેના લીધે સ્થાનિક બજારોમાં ઈવી કંપનીઓ ૪૧.૫ અબજ રૂપિયાનું રોકાણ કરવા તૈયાર છે.

# અમરેલીનું સહકારી પ્રતિનિધિ મંડળ દિલીપ સંઘાણીનાં નેતૃત્વમાં ઉત્તરાખંડનાં પ્રવાસે










સહકારી વર્ષની ઉપલક્ષતામા પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી સહકાર મંત્રલાયની રચના સાથે અમીતભાઈ શાહના નેતૃત્વમા સહકારીતાને સક્ષમ બનાવવા અને સહકારી પ્રવૃતિને દેશવ્યાપી ગતિશિલ બનાવવા મોડેલ બાયલોજ સાથે અનેક સહકારી તાલીમ યોજનાઓનું અમલીકરણ, જન જાગૃતિ સેમીનાર, સહકારી પ્રવૃતિ, કૃષિ, પશુપાલન, રોજગારી, મહિલા સહકારી મંડળીઓ, સખી મંડળો વિગેરે કામગીરી જે તે રાજયોના વિકાસમા મહત્વપૂર્ણ પાસુ છે અને તેથી જ સહકારીતાને આવશ્યક બળ પુરૂ પાડવા સહીયારી સહકારી પ્રવૃતિમાં આપણે સૌ સામેલ થઈએ તેમ ઉતરાખંડના પ્રવાસ પ્રારંભે વિવિધ સહકારી સંસ્થાઓની મૂલાકાત વેળા પ્રતિનિધિ અગ્રણી–ઈફકોના ચેરમેન દિલીપ સંઘાણીએ જણાવેલ. ઉત્તરાખંડ પ્રવાસન ક્ષેત્ર હોઈ, પ્રવાસીઓ સહકારી પ્રવૃતિઓથી માહિતગાર અને સહકારી પ્રવૃતિને પ્રવાસ ઉદ્યોગમાં સામેલગીરી કરવા અને તે દ્વારા રોજગારીની નવી આશાઓને મૂર્તિમંત કરવા જરૂરી પ્રયાસો આગળ ધપાવવા જણાવેલ રાજયના પ્રવાસ દરમ્યાન દિલીપ સંઘાણી અનેક સહકારી એકમો અને યુનિયનોની શુભેચ્છા મૂલાકાત લઈ આવશ્યક વિચાર વિમર્શ કરી રહયા છે આ તકે સહકારી સમિતિ સચિવ સંજય શર્મા, સ્ટેટ કો–ઓપરેટીવ બેંકના જનરલ મેનેજર આકાંક્ષા કંડારી સહિત ગણમાન્ય સહકારી આગેવાનો પદાધિકારીઓ અધિકારીઓ ઉપસ્થિત રહયા હતા તેમ કાર્યાલયની અખબારી યાદીમાં જણાવાયુ છે.

## ગુજરાતનાં રત્ન કલાકારોને આર્થિક પેકેજ આપો : ભંડેરી

અમરેલી, તા. ૧૮

ગુજરાતમાં સૌથી મોટો ઉદ્યોગ હોય તો તે હીરા ઉદ્યોગ છે, ગુજરાતના અર્થતંત્રમાં ખેતી પછી સૌથી વધુ યોગદાન હોય તો તે હીરા ઉદ્યોગનું છે અને આ હીરા ઉદ્યોગમાં છેલ્લા ત્રણ વર્ષથી મંદી ચાલી રહી છે, એમાય છેલ્લા દોઢવર્ષથી હીરા ઉદ્યોગમાં ભયંકર મંદી ચાલી રહી છે અને આ મંદીને લીધે સુરત, અમદાવાદ, જેવા મહાનગરોમાં વસવાટ કરતા સૌરાષ્ટ્રના લોકોને પોતાના ઘરનું ગુજરાન ચલાવવું ખૂબ જ મુશ્કેલ બની ગયું છે, હીરા ઉદ્યોગમાં મંદીના માહોલને લીધે રત્ન કલાકારોને પોતાના ઘરનું ગુજરાન ચલાવવું, દવાખાનાના ખર્ચ ઉઠાવવા, પોતાના બાળકોની શાળાઓની ફી ભરવી, લોન ઉપર લીધેલ મકાન કે વાહનોના હપ્તાઓ ભરવા, વગેરે બાબતોમાં રત્ન કલાકારો ખૂબ જ આર્થિક સંકળામણમાંથી પસાર થઈ રહ્યા છે, આર્થિક સંકળામણમાંથી બહાર નીકળવાનો જયારે કોઈ રસ્તો રત્ન કલાકારોને દેખાતો ન હોય ત્યારે તે આત્મહત્યા કરવા પ્રેરિત થાય છે અને આમ ઘરના મોભી જે કમાતા હોય તે આર્થિક સંકળામણને લીધે આત્મહત્યા કરી લે તો પરિવારનો માળો વિખાઈ



જાય છે, જો ખરેખર ગુજરાતની આ ભાજપ સરકાર હીરા ઉદ્યોગને બચાવવા માગતી હોય તો તાત્કાલિક ધોરણે હીરા ઉદ્યોગ માટે આર્થિક પેકેજ જાહેર કરવું જોઈએ, અને આ આર્થિક પેકેજમાં જે રત્ન કલાકારો સુરત, અમદાવાદ, જેવા મહાનગરોમાં પોતાના પરિવાર સાથે વસવાટ કરતા હોય તેવા રત્ન કલાકારોને દર મહિને ૩૦,૦૦૦ રૂપિયા લેખે બેરોજગારી ભથ્થું, તથા નગરપાલિકા વિસ્તાર કે ગ્રામ્ય વિસ્તારમાં વસવાટ કરતા રત્ન કલાકારો માટે દર મહિને ૧૫,૦૦૦ રૂપિયા બેરોજગારી ભથ્થુ રાજય સરકાર દ્વારા આપવું જોઈએ તેવી માંગ અમરેલી તાલુકા કોંગ્રેસ પ્રમુખ મનીષ ભંડેરીએ કરી છે.

## અવસાન નોંધ

**અમરેલી:** અમરેલી નિવાસી રમાબેન બાબુભાઈ સોંડાગર (ઉ.વ. ૮૧) તે શરદભાઈ, જયસુખભાઈ તથા કિશોરભાઈના માતુશ્રી, બેચરભાઈ તથા રસિકભાઈના ભાભી, મયુરભાઈ તથા હાર્દિકભાઈના દાદીમાનું તા. ૧૬ના રોજ અમરેલી ખાતે અવસાન થયેલ છે.

**બાબાપુર :** મેડી ગામનાં અરવિંદભાઈ મનજીભાઈ સિરોયા (ઉ.વ. ૮૦) તે શૈલેષભાઈ અને રાકેશભાઈનાં પિતાનું તા. ૧૪ ફેબ્રુઆરીનાં રોજ અવસાન થયેલ છે.

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૯૦૦ | ૧૦૫૮ |
| ૨ | શિંગ ૬૬ નંબર | ૭૯૧ | ૭૯૧ |
| ૩ | ગીરનાર શીંગ | ૧૨૬૦ | ૧૨૮૧ |
| ૪ | શિંગ મોટી | ૮૦૦ | ૧૦૭૮ |
| ૫ | શિંગાદાણા ફાડા | ૯૫૫ | ૧૦૬૦ |
| ૬ | તલ સફેદ | ૧૨૫૦ | ૨૨૪૦ |
| ૭ | તલ કાળા | ૩૪૭૦ | ૪૯૦૦ |
| ૮ | તલ કાશ્મીરી | ૨૪૪૦ | ૨૫૪૦ |
| ૯ | બાજરો | ૪૫૦ | ૫૬૨ |
| ૧૦ | જુવાર | ૫૦૨ | ૧૦૨૮ |
| ૧૧ | ઘઉં ટુકડા | ૫૨૨ | ૭૨૧ |
| ૧૨ | ઘઉં લોકવન | ૫૪૨ | ૬૬૩ |
| ૧૩ | અડદ | ૧૩૦૦ | ૧૩૭૧ |
| ૧૪ | ચણા | ૮૦૦ | ૧૧૦૬ |
| ૧૫ | તુવેર | ૧૧૧૨ | ૧૫૫૦ |
| ૧૬ | કપાસ | ૯૨૫ | ૧૪૯૭ |
| ૧૭ | એરંડા | ૧૦૫૦ | ૧૨૧૦ |
| ૧૮ | જીરૂ | ૩૦૦૦ | ૪૧૪૫ |
| ૧૯ | ધાણા | ૯૭૦ | ૧૬૮૦ |
| ૨૦ | ધાણી | ૧૦૦૦ | ૨૬૦૫ |
| ૨૧ | અજમા | ૧૫૨૦ | ૨૩૫૦ |
| ૨૨ | સોયાબીન | ૫૭૫ | ૭૮૫ |
| ૨૩ | મરચા લાંબા | ૫૦૦ | ૪૬૦૦ |
| ૨૪ | કાંગ | ૮૦૦ | ૧૦૦૬ |

## ચલાલા પાલીકાની ચુંટણીમાં વિજયની હેટ્રિક લગાવતા જયરાજભાઇ વાળા

ચલાલા, તા. ૧૮

ચલાલા નગર પાલીકાની ચુંટણીના તમામ મહિલા ઉમેદવારોમાં સૌથી વધુ ૯૯૨ મતો મેળવતા ભુમીબહેન જયરાજભાઈ વાળા ચલાલા નગર પાલીકાની ચુંટણીમાં સતત ત્રણવાર ભાજપના મેન્ડેટ કમળ પર ૨૦૧૩, ૨૦૧૮, ૨૦૨૫માં જંગી બહુમતી વિજયી બની શહેરમાં જાયન્ટ કિલર તરીકે ઉપસી આવેલ છે. જયરાજભાઈ વાળાએ ગત ટર્મ માઉપ પ્રમુખ તરીકેની કરેલ મહત્વપૂર્ણ કામગીરીની નગરજનોમાં આજે પણ પ્રશંસા થઈ રહી છે. આ વખતની ચુંટણીમાં જયરાજભાઈ



વાળાના ધર્મ પત્ની શ્રીમતી ભુમીબહેન વાળા મહીલા ઉમેદવારોમા સેથી વધારે ૯૯૨ મતોથી જલવંત વિજય પ્રાપ્ત કરતા મહીલા કાર્યકરો સહીત નગરજનો એ અંભિનંદન વર્ષા વરસાવી રહ્યા છે.

"અમરેલી એક્સપ્રેસ"
અમરેલી શહેરમાં આપને "અમરેલી એક્સપ્રેસ" દૈનિક અનિયમિત મળતું હોય તો તુરંત જ સંપર્ક કરો.
સુમીત ચંદારાણા મો. ૮૭૩૫૦ ૧૨૭૨૭

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૨૫ | ૧૪૨૦ |
| ૨ | મગફળી | ૬૧૦ | ૧૦૦૨ |
| ૩ | ઘઉં | ૪૯૫ | ૬૩૫ |
| ૪ | ચણા | ૭૦૦ | ૧૧૧૧ |
| ૫ | સફેદ તુવેર | ૧૩૫૫ | ૧૩૯૧ |
| ૬ | મગ | ૧૪૪૦ | ૧૪૪૦ |
| ૭ | તલ | ૧૬૦૦ | ૧૮૧૦ |
| ૮ | સફેદ ચણા | ૧૦૧૫ | ૧૨૦૦ |

## ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૦૦ | ૧૪૬૫ |
| ૨ | મગફળી | ૯૫૮ | ૯૫૮ |
| ૩ | ચણા | ૧૦૦૦ | ૧૦૦૦ |
| ૪ | જુવાર પીળી | ૪૮૬ | ૪૮૬ |
| ૫ | સોયાબીન | ૭૪૦ | ૭૪૦ |
| ૬ | તુવેર | ૧૩૦૦ | ૧૩૭૦ |
| ૭ | બાજરો | ૫૨૫ | ૫૨૫ |
| ૮ | ઘઉં | ૫૪૫ | ૭૦૦ |
| ૯ | ધાણા | ૧૧૫૧ | ૧૧૫૧ |
| ૧૦ | એરંડા | ૧૦૮૮ | ૧૦૮૮ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૧૦૦૦ | ૧૦૫૧ |
| ૨ | શીંગ મોટી | ૧૦૨૧ | ૧૦૫૫ |
| ૩ | તલ સફેદ | ૧૮૫૦ | ૨૧૪૭ |
| ૪ | તલ કાળા | – | ૪૫૦૧ |
| ૫ | જીરૂ | ૩૮૦૦ | ૪૫૩૫ |
| ૬ | કપાસ | ૧૩૨૦ | ૧૪૭૮ |
| ૭ | ઘઉં લોકવન | ૫૨૦ | ૬૧૧ |
| ૮ | ઘઉં ટુકડા | ૫૫૦ | ૬૪૦ |
| ૯ | બાજરો | – | ૫૨૦ |
| ૧૦ | જુવાર | ૫૦૦ | ૮૫૦ |
| ૧૧ | ચણા | ૧૦૫૦ | ૧૧૪૬ |
| ૧૨ | દેશી ચણા | ૧૨૦૦ | ૧૫૩૨ |
| ૧૩ | તુવેર | ૧૨૫૦ | ૧૪૮૨ |
| ૧૪ | તુવેર લાલ | ૧૦૦૦ | ૧૩૫૦ |
| ૧૫ | એરંડી | ૧૧૨૫ | ૧૨૦૧ |
| ૧૬ | ધાણા | ૧૨૦૦ | ૨૨૧૭ |
| ૧૭ | સોયાબીન | ૭૦૦ | ૭૮૨ |

પાના ૮ ઉપરનું ચાલું **અમરેલી જિલ્લાનાં ભાજપ કાર્યકર્તાઓમાં**

ઢોલ– નગારા અને મીઠાઈ વહેંચીને વિજયોત્સવ મનાવવામાં આવેલ. અમરેલી જિલ્લા ભારતીય જનતા પાર્ટીએ કાર્યકર્તાઓ અને મતદારોનો ભારતીય જનતા પાર્ટી ઉપર વિશ્વાસ વ્યકત કરવા બદલ આભાર વ્યકત કર્યો.

પાના ૧ ઉપરનું ચાલું **અમરેલી જિલ્લાની સ્થાનિક ચૂંટણીમાં**

૨ બેઠકની પેટા ચૂંટણીમાં બંને બેઠકો ભાજપના ફાળે તથા સાવરકુંડલા પાલિકાની ૧ બેઠકની પેટા ચૂંટણીમાં ભાજપનો વિજય થવા પામેલ છે.

ધારી તાલુકા પંચાયતની મીઠાપુર ડુંગરીની એક સીટની ચૂંટણી યોજાય હતી જેમાં પણ આ બેઠક પર ભાજપનો વિજય થયો હતો. આ બેઠકના ભાજપના ઉમેદવાર ભાનુબેન મંગલુભાઈ વાળા ૧૫૮ મતે વિજેતા થયા હતા. આમ અમરેલી જિલ્લામાં કોંગ્રેસ પક્ષના સૂપડા સાફ થઈ ગયા જેવો ઘાટ થયો હતો.

અમરેલી જિલ્લામાં ભાજપનો ભગવો લહેરાતા અમરેલીના ધારાસભ્ય અને વિધાનસભાના નાયબ દંડક કૌશિક વેકરીયાએ મતદાતાઓનો આભાર માન્યો હતો. તેઓએ જણાવ્યું હતું કે, વડાપ્રધાન મોદી, મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલની સરકારમાં અમરેલીમાં વિકાસ કામો થયા છે. જેથી જિલ્લામાં સોળે કળાએ કેસરીયો લહેરાયો હતો. અમરેલી લેટર કાંડનું સુરસુરીયુ થયું હોય તેમ ભાજપનું કમળ ખીલી ઉઠતા કૌશિક વેકરીયા મીડીયા સમક્ષ આવ્યા હતા.

પાના ૮ ઉપરનું ચાલું **ખાંભાનાં માલકનેશ ગામનાં**

વરૂ (રહે. જુના માલકનેશ)એ તેમના હવાલા વાળી સફેદ કલરની ફોરવ્હીલ ગાડી લઈ યુવકની દુકાને જઈ તેમની ફોરવ્હીલ ગાડીમાંથી આરોપીઓએ લોખંડની પાઈપો કાઢી યુવકને જેમફાવે તેમ ગાળો આપી યુવકના બનેવીને ઢીકાપાટુનો મુંઢ માર મારી યુવકના બહેન બચાવવા વચ્ચે પડતા તેને નીચે પછાડી દઈ યુવકને જાનથી મારી નાખવાની ધમકી આપી યુવકના બનેવીની સફેદ કલરની ફોરવ્હીલ ગાડી ડેલા બહાર પડેલ હતી તેના આગળ/પાછળ બન્ને સાઈટના તેમજ બન્ને બાજુના દરવાજા સાઈટના કાચ તેમજ બોનેટમાં પણ લોખંડની પાઈપના ઘા મારી તોડી આશરે રૂપિયા ૧,૦૦,૦૦૦ નું તથા યુવકની દુકાનની અંદર ગેરકાયદેસર અપ્રવેશ કરી યુવકની દુકાન અંદર રહેલ બે ફ્રિજ તથા સોડા કાઢવાનું ફાઉન્ડર મશીન તથા આગળ કાઉન્ટર પર પડેલ કાચની ૩૦ જેટલી બરણીઓ તોડી નાંખી રૂપિયા ૩,૦૦,૦૦૦ મળી કુલ રૂપિયા ૪,૦૦,૦૦૦ નું નુકશાન કર્યાની પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

## લીલીયા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૦૧૦ | ૧૪૭૩ |

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૪૨૫ | ૧૫૩૫ |
| ૨ | કપાસ મીડીયમ | ૧૨૫૦ | ૧૪૦૦ |
| ૩ | મગફળી જી ૨૦ | ૯૯૪ | ૧૦૭૬ |
| ૪ | મગફળી બી.ટી. | ૯૮૦ | ૧૦૧૦ |
| ૫ | ચણા | ૧૦૯૨ | ૧૧૧૮ |
| ૬ | જીરૂ | ૩૭૩૦ | ૪૦૮૦ |
| ૭ | ઘઉં | ૫૫૦ | ૬૫૦ |
| ૮ | તુવેર | ૧૨૫૧ | ૧૪૧૯ |
| ૯ | ધાણા | ૧૩૩૦ | ૧૬૦૦ |

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૫૦ | ૧૪૯૩ |
| ૨ | ઘઉં લોકવન | ૪૮૦ | ૬૧૪ |
| ૩ | ઘઉં ટુકડા | ૫૮૦ | ૬૧૯ |
| ૪ | ચણા | ૧૦૦૦ | ૧૦૦૦ |
| ૫ | સોયાબીન | ૫૦૦ | ૭૪૦ |
| ૬ | ધાણા | ૧૦૦૦ | ૧૩૦૦ |
| ૭ | શીંગદાણા | ૧૦૫૦ | ૧૦૮૫ |
| ૮ | મગફળી | ૭૫૧ | ૮૬૦ |
| ૯ | તુવેર | ૧૨૦૦ | ૧૪૩૦ |
| ૧૦ | જુવાર | ૪૪૨ | ૧૦૦૩ |
| ૧૧ | બાજરો | ૪૯૪ | ૬૧૨ |
| ૧૨ | અડદ | ૮૨૦ | ૧૨૨૫ |
| ૧૩ | મેથી | ૯૦૦ | ૯૦૦ |
| ૧૪ | તલ સફેદ | ૧૨૦૦ | ૨૨૪૫ |

પાના ૮ ઉપરનું ચાલું **અમરેલીનાં પાણીયા ગામે**

આ ઘટના બાદ શેત્રુંજી વન્યજીવ વિભાગ લીલીયા રેન્જના પરિક્ષેત્ર વન અધિકારી, વેટરનરી અધિકારી, ટ્રેકર્સ તથા સ્થાનિક કર્મચારીગણ સહિતનાઓ તાત્કાલિક ઘટના સ્થળ પર પહોંચ્યા હતા. વન કર્મીઓ ધ્વારા આ વિસ્તારમાં સ્કેનિંગ કરવામાં આવ્યું હતું. ત્યારબાદ આશરે ૯ થી ૧૨ વચ્ચેની વય ધરાવતા વન્યપ્રાણી નર સિંહનું રેસ્કયુ કરી અને પિંજરે પુરવામાં આવ્યો હતો.

પિંજરે પુરાયેલ સિંહને નિરીક્ષણ અને વધુ પરિક્ષણ માટે આ વન્ય પ્રાણીને ક્રાંકચ એનિમલ કેર સેન્ટરમાં ખસેડવામાં આવ્યું છે. તેમ પાલીતાણા શેત્રુંજી વન્યજીવ વિભાગનાં નાયબ વનસંરક્ષકે એક અખબારી યાદીમાં જણાવ્યું છે.

બાબરામાં... મકાન... મકાન... મકાન...
બાબરા શહેરના સારા વિસ્તારમાં જસાણી શેરીમાં ત્રણ (3) મકાન તાત્કાલીક વેચવાના છે.
1 ૫૫૦ વારમાં કિંમત ૨૨ લાખ
2 ૧૮૦ વારમાં કિંમત ૨૩ લાખ
3 ૧૧૦ વારમાં રોડટચ સાથે ૧ દુકાન કિંમત 30 લાખ
સંપર્ક : 93279 24622

## જાહેર નોટીસ

આથી હું નીચે સહી કરનાર **એડવોકેટ કે.વી. કેશરીયા**એ લાગતા વળગતા સર્વેને આ જાહેર નોટીસથી જાણ/તાકીદ કરૂ છું કે :

અમારી પાસેથી અમારા અસીલ **મમતાબેન મિલનભાઈ સંઘાણી** રહે. વાઘણીયાવાળાની મિલ્કત કે જેનું વર્ણન નીચે પ્રમાણે છે.

બગસરા નટવરનગર ગામતળ ગામ નૂમના નં. ૨, અનુક્રમ નં. ૮૧૯નાં વૃંદાવન રેસીડેન્સીનાં બ્લોક નં. ૧૭ની ૫૦–૬૫–૨૦ ચો.મી.

રજી. બાનાખત અનુ. નં. ૭૭ તારીખ : ૨૮/૦૧/૨૦૨૫

ઉપરોકત મિલ્કત અમારા અસીલશ્રીએ ભાણાભાઈ કાળાભાઈ પરમાર પાસેથી ખરીદ કરવા ઉપરોકત રજી. બાનાખત કરાવેલ છે. ભાણાભાઈ કાળાભાઈ પરમારએ ઉપરોકત મિલ્કત (૧) મનિષભાઈ બાબુભાઈ નાંઢા (૨) આનંદભાઈ શેલારભાઈ કામળીયા (૩) મજબુતભાઈ જગુભાઈ વાળા પાસેથી રજી. દસ્તાવેજ નં. ૪૭૦ તા. ૧૨/૦૭/૨૦૧૯નાં રોજ ખરીદ કરેલ છે. (૧) મનિષભાઈ બાબુભાઈ નાંઢા (૨) આનંદભાઈ શેલારભાઈ કામળીયા (૩) મજબુતભાઈ જગુભાઈ વાળાએ ઉપરોકત મિલ્કત (૧) કાંતિલાલ જયંતિલાલ (૨) સંજયકુમાર જયંતિલાલ (૩) ચંદ્રિકાબેન જયંતિલાલ (૪) નયનાબેન જયંતિલાલ (૫) દિન્તાબેન જયંતિલાલ (૬) ઉમેદકુમાર રસીકલાલ (૭) રાજેશકુમાર રસીકલાલ (૮) ભરતકુમાર રસીકલાલ (૯) વસુમતીબેન રસીકલાલા (૧૦) અલ્કાબેન રસીકલાલ (૧૧) લીલાબેન સુંદરજીભાઈ (૧૨) શાંતાબેન ધીરજલાલ (૧૩) શૈલેષભાઈ ધીરજલાલ (૧૪) દિલેશભાઈ ધીરજલાલ (૧૫) પ્રભાબેન મનસુખલાલ (૧૬) સંદિપભાઈ મનસુખલાલ (૧૭) મિનાક્ષીબેન મનસુખલાલ (૧૮) છાંયાબેન મનસુખલાલ (૧૯) ઉર્મિલાબેન ગીરધરલાલ (૨૦) તેજશકુમાર ગીરધરલાલ (૨૧) કૌશિકકુમાર ધીરજલાલ (૨૨) અરવિંદકુમાર સુંદરજીભાઈનાં કુલમુખત્યાર તથા જાતે ચંદુલાલ સુંદરજીભાઈ અને સુરેશભાઈ જયંતિલાલ તેમજ પોપટલાલ નરભેરામભાઈ પાસેથી રજી. દસ્તાવેજ નં. ૪૫૧ તા. ૨૫/૦૭/૨૦૧૨ નાં રોજ ખરીદ કરેલ છે. જે વેચાણ દસ્તાવેજ અંગેનાં કુલમુખત્યારનામાં સદરહુ રજી. વેચાણ દસ્તાવેજ સમયે અસ્તિત્વમાં હતા.

તેઓએ આ મિલ્કત સંદર્ભે અમારી પાસેથી ટાઈટલ કલીયર રીપોર્ટ માંગેલ છે.

તો ઉપરોકત મિલ્કતમાં અન્ય કોઈ ઈસમ/વ્યકિતનું કે કોઈ નાણાકીય સંસ્થા કે સરકારી, સહકારી કે અર્ધ સરકારી–અર્ધ સહકારી સંસ્થાનું હિત સમાયેલ હોય, કે ઉપરોકત મિલ્કત કોઈની પાસે ગીરો થયેલ હોય કે તેના પર બોજો કરવામાં આવેલ હોય તો , અથવા કોઈ ઈસમ/વ્યકિતનો લાગ ભાગ, હકક–હિસ્સો હોય અથવા તો ઉપરોકત દસ્તાવેજ રજી. થયા પહેલા આ કુલમુખત્યારનામું આપનાર ધ્વારા રદ કરવામાં આવેલ હોય, તો નોટીસ પ્રસિધ્ધ થયેથી દિવસ ત્રણમાં લેખીતમાં આધાર પુરાવા સાથે નીચે જણાવેલ સરનામે રજી. પોસ્ટ એ.ડી.થી જણાવવું, અન્યતા તે અંગે કોઈને હરકત, વાંધા, તકરાર, સરખુ નથી અને જો હોય તો તેમણે સ્વૈચ્છાએ જતા (વેઈવ) કરેલ છે તેમ માની અને તેઓને અમારા તરફથી ટાઈટલ કલીયર રીપોર્ટ/એન.ઓ.સી. ઈસ્યુ કરવામાં આવશે. ઉપરોકત સમય વિત્યા બાદ તે અંગેની કોઈ જ તકરાર ગ્રાહ્ય રાખવામાં આવશે નહી જેની લાગતા વળગતા સર્વેએ નોંધ લેવી.

તારીખ : ૧૮/૦૨/૨૦૨૫
પહેલો માળ, ટ્રેડ સેન્ટર
કલેકટર ઓફિસ પાછળ, અમરેલી.

**કે.વી. કેશરીયા**
**એડવોકેટ**

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૮૫૧ | ૧૦૪૪ |
| ૨ | તલ પીળા | ૨૪૫૨ | ૨૫૬૧ |
| ૩ | કપાસ | ૧૨૦૦ | ૧૪૬૦ |
| ૪ | બાજરો | ૫૨૦ | ૫૮૫ |
| ૫ | ઘઉં ટુકડા | ૫૨૦ | ૭૦૧ |
| ૬ | જુવાર | ૫૫૫ | ૯૩૬ |
| ૭ | મગ | ૧૫૪૦ | ૨૧૬૦ |
| ૮ | અડદ | ૧૧૧૦ | ૧૩૩૬ |
| ૯ | તુવેર | ૧૨૧૨ | ૧૩૨૧ |
| ૧૦ | ચણા | ૧૦૮૩ | ૧૧૧૫ |
| ૧૧ | સોયાબીન | ૭૨૬ | ૭૨૬ |
| ૧૨ | અજમા | ૧૩૦૦ | ૧૩૦૦ |

## સ્થાનિક સ્વરાજયની ચૂંટણીમાં કેસરીયો માહોલ સર્જાતા

# અમરેલી જિલ્લાનાં ભાજપ કાર્યકર્તાઓમાં ''વિજયોત્સવ'' યોજાયો

**જિલ્લાનાં મતદારોએ કોંગ્રેસની નકારાત્મક રાજનીતિ સામે ભાજપની હકારાત્મક રાજનીતિને પસંદ કરી**

**જિલ્લામાં કોંગ્રેસનો સફાયો અને ભાજપ તરફી જબ્બરો જુવાળ જોવા મળ્યો**

**રાજુલા, જાફરાબાદ, ચલાલા પાલિકાની તમામ બેઠકો ઉપર ભાજપનાં ઉમેદવારોનો થયો વિજય**

**જિલ્લાભરનાં કાર્યકર્તાઓએ આતશબાજી અને મોં મીઠા કરીને વિજયને મનાવ્યો**



અમરેલી, તા. ૧૮

અમરેલી જિલ્લામાં ૪ નગરપાલિકા ચલાલા, લાઠી, રાજુલા અને જાફરાબાદની સામાન્ય ચૂંટણીઓ તેમજ ૩ નગરપાલિકા અમરેલી, સાવરકુંડલા અને દામનગર અને ધારી તાલુકા પંચાયતની મીઠાપુર (ડુંગરી) તાલુકા પંચાયત સીટની પેટા ચૂંટણીઓ માટે ગત રવિવારના રોજ મતદાન થયેલ. મતદાન બાદ મંગળવારના રોજ સવારથી જ હાથ ધરવામાં આવેલી મત ગણતરીમાં સ્થાનિક સ્વરાજયની ચૂંટણીમાં ભાજપનો વિજય વાવટો ખૂબ ભવ્યતાથી લહેરાયો છે. જાફરબાદ નગરપાલિકામાં ૧૬ સીટ પહેલેથી જ બિનહરીફ થયેલી હતી બાકીની ૧૨ સીટ પણ ભાજપે જંગી બહુમતીથી વિજય થતાં ભાજપે પુરેપુરી ૨૮ બેઠક કબજે કરતાં કોંગ્રેસનો સફાયો થયો છે. તેમજ ચલાલામાં ૨૪માંથી ૨૪ અને રાજુલામાં ૨૮માંથી ૨૮ બેઠકો ભાજપે કબજે કરતા ૩ નગરપાલિકાઓમાં કોંગ્રેસનો વ્હાઈટવોશ થયો છે અને લાઠી નગરપાલિકામાં ૨૪માંથી ૧૮ ભાજપને આવતા પૂર્ણ બહુમતીથી ભાજપનું શાસન આવ્યું. અમરેલી નગરપાલિકામાં ૨માંથી ૧ બેઠક ભાજપને, દામનગરની ૨માંથી ૨ ભાજપને તથા સાવરકુંડલાની ૧ બેઠકની ચૂંટણી યોજાયેલ તે પણ ભાજપને ફાળે આવતાં કેસરીયો માહોલ જોવા મળેલ. જેમાં કાર્યકર્તાઓમાં ખૂબ જોશ જોવા મળેલ અને જિલ્લાભરમાં કાર્યકર્તાઓ ધ્વારા આતશબાજી,

અનુસંધાન પાના ૬ ઉપર

### રાની પશુઓનો ખૌફ વધી રહ્યો છે

# અરેરાટી : અમરેલીનાં પાણીયા ગામે સિંહે ૭ વર્ષનાં બાળકને ફાડી ખાધો

**વનવિભાગે સિંહનું રેસ્કયુ કરી પાંજરે પુર્યો**



અમરેલી, તા. ૧૮

અમરેલી તાલુકાના પાણીયા ગામે રહેતા અને મુળ મધ્યપ્રદેશ રાજયનાં જાંબુઆનાં રહેવાસી એવા સાત વર્ષિય રાહુલભાઈ નરૂભાઈ બારીયા પર વન્ય પ્રાણી સિંહે આજે સવારે ૮:૩૦ કલાકે હુમલો કર્યો હતો. આ ઘટનામાં રાહુલભાઈ બારીયાનું નિધન થયું હતું.

અનુસંધાન પાના ૬ ઉપર

### બાઈકમાં પંચર ન કરવા બાબતે મનદુઃખનાં કારણે

# ખાંભાનાં માલકનેશ ગામનાં યુવક ઉપર હુમલો કરી રૂપિયા ૪ લાખનું નુકસાન

**સ્થાનિક પોલીસે ૩ ઈસમો વિરૂધ્ધ ફરિયાદ નોંધી**

અમરેલી, તા. ૧૮

ખાંભા તાલુકાના નવા માલકનેશ ગામે રહેતા દિલીપભાઈ રામકુભાઈ ચાંદુના મોટા ભાઈ આજથી આશરે એકાદ વર્ષ પહેલા તેમના હવાલાવાળી ટુ-વ્હીલ મોટર સાયકલ લઈ ખાંભા તાલુકાના નવા માલકનેશ રહેતા મનોજભાઈ જયંતીભાઈ સોલંકી નામના ૩૦ વર્ષિય વેપારી યુવકની દુકાને પંચર કરવા ગયેલ હતાં અને તે વખતે યુવકે તેને પંચર કરવાની ના પાડી તેને તુકારો કરેલ હતો. તે વાતનું જુનુ મનદુ.ખ રાખી તા. ૧૭ના રોજ બપોરના આશરે સાડા ત્રણેક વાગ્યે આરોપી દિલીપભાઈ રામકુભાઈ ચાંદુ, ગૌતમભાઈ જગુભાઈ બોરીચા (રહે. બંને નવા માલકનેશ તથા દિપુભાઈ જગુભાઈ

અનુસંધાન પાના ૬ ઉપર






### ભાજપનાં ઉમેદવારે હરીફ ઉમેદવારને ૧ હજાર મતે હરાવ્યા

# રાજુલા : ભાજપનાં પાયાનાં પથ્થર સમાન કાર્યકર્તા રવુભાઈ ખુમાણનો ઐતિહાસીક વિજય

**પાલિકાનાં બબ્બે પુર્વ પ્રમુખ પણ વિજેતા બનવામાં નિષ્ફળ**



અમરેલી, તા. ૧૮

રાજુલાનાં પાલિકાની સામાન્ય ચુંટણીમાં વોર્ડ -૩ માંથી ભાજપ તરફથી ચુંટણી જંગમાં ઉતરેલ ભાજપનાં પાયાનાં પથ્ર સમાન કાર્યકર્તા પાલિકાના પુર્વ પ્રમુખ અને નિરાધારનો આધાર ગણાતા રવુભાઈ ખુમાણ ૧૫૬૫ મત મેળવીને વિજેતા થયા છે.

કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી તરફથી ભાજપનાં ઉમેદવારને પરાજિત કરવા માટે બબ્બે પુર્વ પ્રમુખોને વોર્ડ-૩ માં ઉમેદવાર બનાવાયા હતા પણ તેઓનો ૯૦૦ થી ૧ હજાર મતોથી પરાજિત થયો હતો.












*પીઆરબી એક્ટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)